
વચનામૃત

વચનામૃત
યુવાનો માટે



ક્રમિકા

યુવાની

યુવાની! જીવનનો એક એવો સુવર્ણ સમય જેમાં મનુષ્યની તમામ ક્ષમતાઓ ચરમસીમા પર હોય. જોશ, સાહસ, હિંમત અને તરવરાટથી થનગનતી માનવજીવનની અનેરી અવસ્થા એટલે યુવાની. જેમ તોફાની સમુદ્રના ગંજાવર મોજાંઓ સામે પહાડ અચલ ઊભો રહે છે, તેમ જીવનમાં સર્જાતા જોખમી ઝંઝાવાતો, પળે પળે ઊઠતાં મુશ્કેલીઓનાં મોજાંઓ અને વિપરીત પરિસ્થિતિઓની કારમી થપાટો સામે પણ હસતાં મોંએ અડીખમ ઊભો રહે તે યુવાન.

કહેવત છે કે 'Water always finds its way' અર્થાત્ ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પાણી હંમેશાં પોતાનો માર્ગ શોધી જ લે છે. તેમ પહાડસમ વિઘ્નોની પરંપરાઓ વચ્ચે પણ હાર્યા કે નાસીપાસ થયા વગર માર્ગ શોધી કાઢે તે યુવાન.

સિંહ ભૂખ્યો મરે પણ ક્યારેય ઘાસ તો ન જ ખાય, કોયલ મૌન રહે પણ ક્યારેય કાગડાની ભાષા તો ન જ બોલે, પતંગિયું બાગમાં અમથું વિહર્યા કરે પણ ક્યારેય ગંદકી પર તો ન જ બેસે – તેમ મંજિલ સુધી પહોંચવા અપાર તકલીફો, પ્રલોભનો અને હરીફાઈઓની સામી છાતીએ ઝીંક ઝીલી લે, પણ જીવનનાં મૂલ્યો સાથે ક્યારેય સમાધાન ન કરે તે યુવાન.

આવી તો કંઈકેટલીય વિભાવનાઓ દ્વારા યુવાનીને નિરૂપી શકાય, પરંતુ શું આવા દમદાર યુવાનો આજના સમાજમાં છે? કે પછી આ બધી આદર્શ વાતો માત્ર પુસ્તકો અને લેખો પૂરતી જ મર્યાદિત રહી જવા પામી

છે? કારણ કે આજની યુવાની, ઉપર દર્શાવેલી વિભાવનાઓથી સંપૂર્ણતયા વિપરીત દિશામાં ગતિશીલ હોય તેવું લાગે છે.

આવો, વર્તમાન સમયે યુવાનોએ જ આચરેલાં કેટલાંક કૃત્યો સામે નજર કરીએ...

- દિલ્હીમાં ૧૯ વર્ષના યુવાને ચાકુના ૩૩ ઘા ઝીંકીને પોતાનાં માતા-પિતા અને બહેનની હત્યા કરી.
- મુંબઈમાં ૨૭ કરોડના હીરાની ચોરી કરનાર ૩૧ વર્ષના યુવાનને પોલીસે પકડી પાડ્યો.
- IIT મદ્રાસમાં ભણતા ૨૨ વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું.
- ડ્રગ્સ બાબતે પંજાબની પરિસ્થિતિ ગંભીર. લગભગ ૭૫ ટકા જેટલા યુવાનો ડ્રગ્સના સકંજામાં.
- વડોદરામાં નજીવી બાબતમાં મારામારી પર ઊતરી આવેલા બે યુવાનો લોકોનું આકર્ષણ બન્યા.

યુવાનો દ્વારા આવું આચરણ! જેઓના હાથમાં દુનિયાનું વર્તમાન અને ભવિષ્ય ખેલી રહ્યું છે એ યુવાનોની આવી દશા! અહીં દર્શાવેલી ઘટનાઓ તો કેવળ આચમન જેવી છે. આવી સેંકડો ઘટનાઓથી આજનાં વર્તમાનપત્રો છલકાતાં હોય છે.

વળી, શાળા અને કૉલેજના શિક્ષકો પાસેથી પણ યુવાનોના અભદ્ર વર્તનની ફરિયાદો સતત સાંભળવા મળે છે. માતા-પિતાને પૂછીએ તો તેઓ પણ કહે છે કે અમારો યુવાન દીકરો કે દીકરી અમારા કહ્યામાં નથી, અમારું માનતો નથી, અમારી વાત પણ સાંભળતો નથી, આખો દિવસ મિત્રો સાથે રખડ્યા કરે છે, ટીવી જોયા કરે છે, મોબાઇલનો બંધાણી થઈ ગયો છે, વ્યસનોના રવાડે ચડી ગયો છે, ફૅશન માટે ગજા બહારના ખર્ચા કરે છે, તેને ભવિષ્ય સંબંધી કોઈ ગંભીરતા જ નથી... વગેરે વગેરે.

યુવાનો માટેની આ ફરિયાદો આજકાલની નથી. અને ભારત દેશ પૂરતી મર્યાદિત પણ નથી. આજથી ૨૭૦૦ વર્ષ પૂર્વે, ગ્રીસના વિખ્યાત કવિ હિસિયડ (Hesiod, 800 BC) આવી જ ફરિયાદો કરતાં લખે છે: 'જો આપણા લોકો આજના ઉછાંછળા યુવાનો પર આધાર રાખશે તો મને ભવિષ્યની કોઈ આશા

દેખાતી નથી. કારણ કે આજના યુવાનો અતિશય વિચારહીન છે. તેઓ વધારે પડતા ઉચ્છૃંખલ છે. તેઓ વડીલોને આદર આપતા નથી. તેઓ અધીર અને અસંયમી છે...'

આમ, હજારો વર્ષોથી યુવાનો પર ફરિયાદોના ટોપલા ઢોળવામાં આવી રહ્યા છે. વળી, તત્કાલીન તથા વર્તમાનકાલીન પરિસ્થિતિ જોતાં વાત પણ સાચી લાગે છે, પરંતુ શું કોઈએ ક્યારેય યુવાનોના માનસને સમજવાનો પ્રયાસ કર્યો છે? એવું તે શું ખૂટે છે જે તેમને વિપરીતતા તરફ ખેંચી જાય છે? એવું તે કયું પરિબળ છે જેને લીધે શરીરથી યુવાન હોવા છતાં તેઓનું મન અબુધ બાળક જેવું રહી જાય છે? એવી કઈ ખૂટતી કડી છે, જેને લીધે તેઓ ઉચ્છૃંખલ અને ઉછાંછળા બની જાય છે? આ બધા પ્રશ્નોનો કોઈ ઉત્તર છે? હા, ઉત્તર છે. એ ખૂટતી કડી છે - સાચી સમજણ... અને એવી સાચી સમજણ પ્રાપ્ત થાય છે સત્પુરુષોના સંગથી ને વચનામૃત જેવાં મહાન શાસ્ત્રો પાસેથી.

જે યુવાનો પરબ્રહ્મની વાણી એવા વચનામૃતમાં શ્રદ્ધા રાખી, તેમાં નિરૂપાયેલા સનાતન સિદ્ધાંતોમાં પરમ વિશ્વાસ રાખી તે મુજબ જીવે છે, તેઓ ગમે તેવાં વિઘ્નોમાં પણ મહાકાય ચટ્ટાનની જેમ સ્થિર ઊભેલા જોવા મળે છે. મુશ્કેલીઓ અને પ્રતિકૂળતાઓ તો એમના જીવનમાં પણ આવે છે, પરંતુ વચનામૃતે તેઓનું એવું કલેવર ઘડેલું હોય છે કે પ્રતિકૂળતાઓની પરાકાષ્ઠા પણ તેમને ડગાવી શકતી નથી. તેઓ પુરુષાર્થમાં એક્કા છે, પ્રામાણિકતા એમની રગેરગમાં વહે છે, ભક્તિ અને ઉપાસનાની મહેક તેઓની ચોતરફ પ્રસરતી રહે છે, તેઓ ક્યારેય ધીરજ ગુમાવતા નથી, સંયમ-નિયમની અનોખી ખુમારી તેઓના મુખ પર ઝળકે છે, પ્રલોભનો તેમને આકર્ષી શકતા નથી અને તેઓને જોનાર પણ અંતરથી બોલી ઊઠે છે – વાહ! આને કહેવાય યુવાન.

પ્રસ્તુત પુસ્તકમાં યુવાનો સંબંધી વિષયોના નિરૂપણ સાથે આવા વિરલ યુવાનોની કથાઓ પણ આલેખવામાં આવી છે. આ પુસ્તિકા લખતાં પૂર્વે વચનામૃત ગ્રંથ સાથે નાતો ધરાવતા ૫,૦૦૦થી વધારે યુવાનોનું સર્વેક્ષણ કરવામાં આવેલું. તેમાંના કેટલાક યુવાનો વર્ષોથી વચનામૃત વાંચતા હોય એવા હતા, તો કેટલાકે હમણાં જ વાંચવાનું શરૂ કર્યું હોય એવા પણ હતા;

કેટલાક રોજ અચૂકપણે વચનામૃત વાંચતા હોય એવા હતા, તો કેટલાક મહિને એકાદ વાર વાંચતા હોય એવા પણ હતા. આ તમામને વિવિધ પ્રશ્નો પૂછીને આ સર્વેક્ષણ હાથ ધરાયેલું. સર્વેક્ષણમાં યુવાનોના માનસને, સત્સંગ પ્રત્યેના તેઓના અભિગમને તેમ જ તેઓના પ્રશ્નોને સમજવાનો પ્રયાસ હતો. વળી, આવા પ્રશ્નોમાં વચનામૃત ગ્રંથ તેમને કેવી રીતે મદદરૂપ થાય છે એ પણ પૂછવામાં આવેલું. જવાબમાં યુવાનોએ વચનામૃત પ્રત્યેની જે ભાવગંગા વહાવી તે અપ્રતિમ હતી. કેટલાક યુવાનોએ પોતે અનુભવેલા બીજા યુવાનોના પ્રસંગો પણ વર્ણવ્યા હતા. યુવાનોની આ ભાવગંગાની કેટલીક ધારાઓ આ પુસ્તિકામાં સંગ્રહાયેલી છે. તે સાથે યુવાનોને ઉપયોગી કેટલાક વિષયોનું વચનામૃત આધારિત ચિંતન પણ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. પ્રસંગને અનુરૂપ તથા જે તે યુવાનની સંમતિ અનુસાર ક્યાંક નામનો ઉલ્લેખ કર્યો છે, તો ક્યાંક નથી કર્યો. ક્યાંક સરખો અનુભવ કરનાર બે કે ત્રણ યુવાનોના પ્રસંગોને એક જ પ્રસંગમાં સમાવી લેવામાં આવ્યા છે.

આવો, યુવાનોની નજરે વચનામૃતના અનુભવામૃતનું આપણે પણ આચમન કરીએ અને ધન્યતા અનુભવીએ.

આવી પરિસ્થિતિમાં શું કરવું?

"અમારું ઘર વલસાડ શહેરના વલસાડ પારડી વિસ્તારમાં છે. આ જ વિસ્તારમાં બીજા પણ ઘણા સત્સંગી પરિવારો રહે છે. સૌ વચ્ચે સંપ ખૂબ. આવા વિસ્તારોમાં ટાણેકટાણે એક બીજાની મદદ કરીને, એક બીજાનો સહારો બનીને જીવવાની મજા જ કંઈક જુદી હોય છે.

આ જ વિસ્તારમાં ૨૦૧૧ના વર્ષમાં એક વિશેષ પ્રસંગ બની ગયો, તેની વાત કરું. એ વખતે ચોમાસું ચાલતું હતું. એક દિવસ ઉપરવાસમાં એટલે કે ધરમપુર વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો. જાણે આભ ફાટ્યું હોય તેમ પળવારમાં તો આખું ધરમપુર જળબંબાકાર થઈ ગયું. પુષ્કળ પ્રમાણમાં વરસેલું આ પાણી વલસાડમાંથી પસાર થતી ઔરંગા નદીમાં ઠલવાયું. આ બાજું અમાસની નજીકના દિવસો હોવાથી તીથલના દરિયામાં મોટી ભરતીને લીધે પાણીનો સ્તર ખૂબ ઊંચો હતો. તેથી પાણીને નિકાલનો માર્ગ ન મળતાં બધું પાણી વલસાડ શહેર તરફ ધસી આવ્યું અને શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ફરી વળ્યું. અમારો વિસ્તાર પણ નીચાણવાળા ભાગમાં હોવાથી ખાસ્સું એવું પાણી ભરાયું હતું. સામાન્ય રીતે આવું થાય ત્યારે લોકો તાત્કાલિક ધોરણે ઘરવખરી સલામત સ્થળે ખસેડી દેતા હોય છે, જેથી નુકસાન ન થાય, પરંતુ અહીં કોઈને એવી કોઈ તક જ ન મળી. કારણ કે પાણી મધ્યરાત્રિએ ધસી આવેલું, જ્યારે સૌ નિદ્રાધીન હતા. સૌએ જાગીને વસ્તુઓને સલામત સ્થળે ખસેડવાના પ્રયત્નો પણ કર્યા, પરંતુ પાણીનું સ્તર એટલું ઝડપથી વધતું હતું કે કંઈ જ ન કરી શકાયું. દસ-પંદર મિનિટમાં તો

સાતથી આઠ ફૂટ પાણીથી તમામ ઘરો છલકાવાં લાગ્યાં.

સવાર થઈ. પાણીનું સ્તર થોડું ઓછું થતાં લોકો એકબીજાને મદદ કરવા નીકળી પડ્યા. અમને સમાચાર મળ્યા કે અમારા સત્સંગમંડળના યુવાન ભદ્રેશના ઘરે ખૂબ પાણી ભરાયું છે ને ઘણી બધી ઘરવખરી ડૂબી ગઈ છે. આથી અમે કેટલાક સત્સંગીઓ ભેગાં થઈ તાબડતોબ તેના ઘરે પહોંચ્યા. અમે જોયું કે ઘરના ગ્રાઉન્ડ-ફ્લોરમાં સાતેક ફૂટ જેટલું પાણી ભરાયું હતું. ઘણું નુક્સાન થયું હતું. ઘરની હાલત જોઈ અમે ચિંતાગ્રસ્ત થઈ ગયેલા. મારી આંખો ભદ્રેશની તલાશમાં હતી. મનમાં પ્રશ્ન હતો કે તે કેટલો દુઃખી અને ચિંતિત હશે? અને એવામાં મેં તેને જોયો. તે ઘરની સામે ઊભો હતો... સ્થિર...! નિશ્ચિંત...! જાણે કંઈ બન્યું જ નથી! તેના ચહેરા પર દુઃખને બદલે અનોખી ખુમારી છલકતી હતી. એવું લાગ્યું કે જાણે સાક્ષાત્ હિમાલય ઊભો ન હોય!

તેને સાથે લઈ અમે ઘરમાં પ્રવેશ્યા. ટીવી, સોફાસેટ, ફ્રીજ, રસોડાનો સામાન વગેરે બધી ઘરવખરી પાણીમાં તરબોળ હતી. ઘરમાં સાતેક ફૂટની ઊંચાઈએ કાચનો એક નાનો શેલ્ફ (માળિયું) બનાવેલો હતો, ત્યાં સુધી પાણી પહોંચ્યું હતું. શેલ્ફ ઉપર પડેલી વસ્તુઓ સલામત હતી.

એવામાં યોગાનુયોગ અમારા બંનેની નજર શેલ્ફ પર સ્થિત વચનામૃત અને સ્વામીની વાતો પર પડી. તે જોઈ ભદ્રેશના મુખ પર સ્મિત ફરકવા લાગ્યું. શેલ્ફ તરફ નિર્દેશ કરી તેણે મને પૂછ્યું: 'આ શું કહેવા માંગે છે ખબર છે?' મારા તરફથી કંઈ પ્રત્યુત્તર ન મળતાં તેણે જ જવાબ આપતાં કહ્યું: 'આવી પરિસ્થિતિ સર્જાય ત્યારપછી શું કરવું તે ત્યાંથી શીખવા મળશે.'

ભદ્રેશના આ શબ્દો જેમણે સાંભળ્યા તે સૌ કોઈ 'વાહ' પોકારી ઊઠ્યા. તેની સ્થિરતાનું રહસ્ય અમને તરત જ સમજાઈ ગયું. જેને ભગવાનની વાણીમાં આટલી શ્રદ્ધા હોય તેને કયું દુઃખ ડગાવી શકે? અમે સૌ તેને મનોમન વંદન કરી રહ્યા.''

– કમલેશ લાડ (વલસાડ)

એક યુવાનની વચનામૃત ગ્રંથમાં કેવી દૃઢ શ્રદ્ધા! તેને સંપૂર્ણ વિશ્વાસ છે કે બધા પ્રશ્નોનાં સૈદ્ધાંતિક સમાધાનો આમાંથી જ મળશે. તેને પ્રતીતિ છે કે સંસારમાં ઘટતી તમામ ઘટનાઓ આ ગ્રંથમાં ઉદ્‌બોધેલા સનાતન સિદ્ધાંતોને

જ અનુસરે છે, તેને અનુભવ છે કે આ સિદ્ધાંતો અપનાવવાથી અપૂર્વ શાંતિ મળે છે કારણ કે આ સાક્ષાત્ પરબ્રહ્મની પરાવાણી છે.

આવા પ્રસંગોમાં એક બાજુ મુમુક્ષુઓની શ્રદ્ધાનાં દર્શન થાય છે તો બીજી બાજુ વચનામૃત ગ્રંથની દિવ્યતા પણ એટલી જ અનુભવાય છે. યુવા તાલીમ કેન્દ્રમાં તાલીમ પ્રાપ્ત કરનાર એક યુવક આવો જ એક અનુભવ લખતાં કહે છે...

"...મેં મારા જીવનમાં પૂર્વે કેટલીક એવી ભૂલો કરેલી જે એક સજ્જન માણસને પણ ન શોભે, તો સત્સંગી યુવાનને તો ક્યાંથી શોભે? તે ગંભીર ભૂલોનો મારા મનમાં સતત ભાર રહ્યા કરતો. હૃદય કોચવાયા કરતું. મનમાં કાયમ ઉદ્વેગ રહેતો. ક્યાંય મજા નહોતી આવતી.

એવામાં હું યુવા તાલીમ કેન્દ્રમાં સત્સંગલક્ષી તાલીમ માટે ગયો. તાલીમ દરમ્યાન વચનામૃત સંબંધી અભ્યાસ ચાલતો હતો ત્યારે પ્ર. ૫૮, પં. ૭ વગેરે વચનામૃતો દ્વારા સત્પુરુષ પાસે નિષ્કપટ થવાની વાત સાંભળવા મળી. મારા મનમાં ઝબકારો થયો. મેં તરત જ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ નિષ્કપટ થવાનું નક્કી કરી લીધું. કાગળ અને પેન હાથમાં લઈ મારી ભૂલો બાબતે પૂજ્ય સ્વામીશ્રીને પત્ર લખી મોકલ્યો. થોડા દિવસોમાં પૂજ્ય સ્વામીશ્રીનો પ્રત્યુત્તર પણ આવી ગયો. મને ખૂબ બળ મળી ગયું. હવે વિશ્વાસ હતો કે એ બધી ભૂલોનું પ્રાયશ્ચિત્ત થઈ ગયું છે. મેં હળવાશ અનુભવી, પરંતુ હજુ પેલી ભૂલો મને યાદ આવ્યા કરતી. પસ્તાવો થયા કરતો કે મેં આવું કેમ કર્યું? તેને લીધે મનના એક ખૂણામાં હજુ પણ થોડો ઉદ્વેગ રહેતો.

એક દિવસની વાત છે. મારું મન આવા જ વિચારોમાં ગૂંચવાયેલું હતું ત્યારે મને થયું કે લાવ ને, વચનામૃત વાંચું. મેં કારિયાણીનું ૭મું વચનામૃત વાંચ્યું. ખબર નહીં કેવી રીતે, પણ તે વાંચતાં જ મને સમાધાન મળી ગયું. બધો જ ઉદ્વેગ શમી ગયો. અંતરમાં અતિશય શાંતિ થઈ ગઈ. ઘણા સમય પછી એ દિવસે હું શાંતિથી સૂઈ શક્યો. બીજે દિવસે મેં ફરી એ જ કારિયાણીનું સાતમું વચનામૃત ખોલ્યું. મારે જાણવું હતું કે ભગવાન સ્વામિનારાયણના કયા વચનને લીધે મને શાંતિ થઈ ગઈ હતી. પરંતુ આશ્ચર્ય! મને જે પ્રશ્ન હતો તે વિષયક કોઈ જ વાત એ વચનામૃતમાં નહોતી. છતાં મને શાંતિ થઈ ગઈ હતી એ પણ એટલી જ વાસ્તવિકતા હતી. ત્યારે મને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી

મહારાજના શબ્દો યાદ આવ્યા કે વચનામૃતનું કોઈ પણ પાનું ખોલીને વાંચશો તો તમને તમારા પ્રશ્નોના સમાધાન મળતાં જશે. એ વાત મેં પ્રત્યક્ષ અનુભવી.''

– એક યુવક, યુવા તાલીમ કેન્દ્ર

પરબ્રહ્મના વચનરૂપી અમૃતની આ અનોખી દિવ્યતા છે. જે કોઈપણ વ્યક્તિ આસ્તિક થઈને આ ગ્રંથની શરણાગતિ સ્વીકારે છે, તેને આ દિવ્ય ગ્રંથ ક્યારેય નિરાશ નથી કરતો. જેને શ્રદ્ધા છે, પરમ વિશ્વાસ છે તે જંગ જીતી જાય છે. સમજણનું એક અભેદ્ય સુરક્ષાકવચ તેની રક્ષામાં હંમેશાં તૈનાત રહે છે.

આવો, આવા યુવાનોમાંથી પ્રેરણા લઈ આપણે પણ શ્રદ્ધાળુ બનીએ.

મૃત્યુ સાથેની લડત

આ પ્રસંગ છે અમેરિકાના લોસ એન્જેલસ શહેરમાં રહેતા મેહુલ ઉપાધ્યાયનો. વચનામૃત સાથેના તેના અવિસ્મરણીય અનુભવ વર્ણવતાં તે કહે છે –

"વર્ષ હતું ૨૦૦૩ અને મહિનો ડિસેમ્બર, જ્યારે મારા જીવનમાં એક દુઃખદ છતાં મનભાવક, પીડાદાયક છતાં ચિરસ્મરણીય ઘટનાએ આકાર લીધો. એવું કહી શકાય કે મેં મૃત્યુને નજર સામે જોયું હતું, છતાં મને એનો સહેજ પણ ડર નહોતો લાગ્યો.

જરા માંડીને વાત કરું. ૧૯૯૯માં મારે ગ્રેજ્યુએશન માટે વડોદરાથી વલ્લભવિદ્યાનગર જવાનું થયેલું. એ મારા જીવનનું સૌથી મોટું સદ્ભાગ્ય હતું, કારણ કે ત્યાંથી જ મને અમૂલ્ય સત્સંગની ભેટ મળી. સંસ્કારયુક્ત વાતાવરણમાં સારી રીતે અભ્યાસ કરી શકું એ હેતુથી મેં વિદ્યાનગરમાં બીએપીએસ છાત્રાલયમાં રહેવાનું પસંદ કરેલું. સંસ્કારી મિત્રોના સહવાસ, સંતોની પ્રેરણા અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યથી ધબકતા એ વાતાવરણમાં મને પણ સત્સંગનો રંગ લાગ્યો. એ સમય દરમ્યાન જ એક દિવસ વચનામૃત સાથે મારો પરિચય થયો. પ્રથમ પરિચયમાં કંઈ નવીનતા જેવું નહોતું લાગ્યું. વળી, ગુજરાતીમાં હોવાથી થોડું સાધારણ પણ લાગેલું, પરંતુ ધીમે ધીમે મને સમજાવા લાગ્યું કે આ કોઈ સાધારણ શાસ્ત્ર નહોતું, શાસ્ત્રમાત્રના સારને સમાવી લેતું તથા તત્ત્વજ્ઞાન, વ્યાવહારિક જ્ઞાન અને મોક્ષવિજ્ઞાનથી મહેકતું એક અદ્વિતીય શાસ્ત્ર હતું. બસ, ત્યારથી જ મારે

વચનામૃત સાથે એક અનોખો નાતો બંધાઈ ગયો. મેં રોજ વચનામૃત વાંચવાનો નિયમ લઈ લીધો. રાત્રે રીડિંગ પૂરું થાય પછી અમે કેટલાક છાત્રો ભેગા મળી વચનામૃત પર ગોષ્ઠી કરતા. ભગવાન સ્વામિનારાયણ શું કહેવા માંગે છે? બીજાં કયાં શાસ્ત્રોમાં આવી વાત આવે છે? કેટલાં બધાં શાસ્ત્રોનો સમન્વય કરીને તેઓએ જે તે પ્રશ્નોના જવાબો આપ્યા છે! આવા અનેક વિષયો પર અમે ચર્ચા કરતા. ખૂબ મજા આવતી. સુવર્ણકાળના એ દિવસો હજુ પણ યથાતથ યાદ છે અને કદાચ ક્યારેય વિસારી પણ નહીં શકું.

હવે એ ઘટનાની વાત કરું જેણે મારા જીવનને એક જુદી જ દિશા આપી દીધી. ૨૦૦૩માં મારો અભ્યાસ પૂર્ણ થયો. હું વડોદરા પરત આવ્યો. ડિસેમ્બર મહિનો હતો. નોકરી શોધવા માટેના પ્રયત્નો ચાલતા હતા એ દરમિયાનની વાત છે.

એક દિવસ મને સખત તાવ આવ્યો. ટાઈફૉઈડ હતો. ડૉક્ટરે દવાઓ તો આપી, પરંતુ તાવ ઊતરવાનું નામ નહોતો લેતો. જુદી જુદી દવાઓના પ્રયોગો ચાલતા હતા. એવામાં એક દિવસ બીમારીએ એક અણધાર્યો વળાંક લીધો. કોઈ કારણોસર મારા શરીરમાં ટિશ્યૂ ઈટિંગ બૅક્ટેરિયા પાંગરવા લાગ્યા. શરીરની માંસપેશીઓને હજમ કરી નાંખતા આ બૅક્ટેરિયાએ મારા આંતરડાને નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું. મને પેટમાં અસહ્ય પીડા થવા લાગી. આ ઉપરાંત ગળાની અંદરના ભાગમાં પણ સોજાને લીધે ખૂબ દુ:ખાવો થવા લાગ્યો. મારા માટે પાણીનો એક ઘૂંટડો પણ ગળે ઉતારવો દુષ્કર બની ગયો. મને તાત્કાલિક આઈ.સી.યુ.માં ખસેડવામાં આવ્યો. એન્ડોસ્કોપી, સોનોગ્રાફી વગેરે ઘણા ટેસ્ટ કર્યા, પરંતુ બીમારીનું કારણ પકડાતું નહોતું. ખૂબ જ ઝડપથી મારું શરીર અશક્ત થવા માંડેલું. હું બેભાનની જેમ પથારીમાં પડ્યો રહેતો. લોહીની ઊલટીઓ થતી. જાજરૂમાં પણ લોહી પડતું. એક વાર તો પરિસ્થિતિ વણસતાં ચોવીસ કલાકમાં ૭૦ બૉટલ ફ્રેશ બ્લડ અને ૨૫ બૉટલ પ્લાઝ્માની વ્યવસ્થા કરવાનો આદેશ ડૉક્ટરોએ આપેલો. એના પરથી કળી શકાય એવું હતું કે બીમારીની ગંભીરતા કેટલી હશે? એમાં વળી પથારીવશ રહેવાને લીધે મારા શરીરના પાછળના ભાગની ચામડીમાં વિકૃતિ આવવા લાગી. ચામડીમાંથી ચીકણું પ્રવાહી વહેતું અને મને અત્યંત ખંજવાળ આવતી. આ બધું મારા માંટે અસહ્ય હતું. ગળામાં તીવ્ર વેદના થતી હોવાથી

હું કશું જ ખાઈ શકતો નહોતો. જ્યૂસ પણ માંડ ગળે ઉતારી શકતો. ગ્લુકોઝની બૉટલો સતત ચાલતી રહેતી. બીમારીને લીધે ક્યારેક શરીર એટલું બધું ગરમ થઈ જતું કે આજુબાજુ બરફનાં પાઉચ મૂકવાં પડતાં, તો ક્યારેક એટલી ઠંડી લાગતી કે મને ધાબળાઓમાં ઢબૂરી દેવામાં આવતો. કથાવાર્તામાં નરકનું વર્ણન ઘણી વાર સાંભળેલું, પણ એ સ્થિતિમાં લાગેલું કે નરક આનાથી બદતર તો ન જ હોઈ શકે!

એક વાર હું અર્ધ-બેભાન જેવી અવસ્થામાં હતો ત્યારે ડૉક્ટરો વચ્ચેની ચર્ચા મારા કાને પડી. એક ડૉક્ટર બોલ્યા: 'અત્યાર સુધીમાં આવા પાંચ કેસ મારી પાસે આવ્યા છે. એ પાંચમાંથી એક પણ દર્દી બચી શક્યો નથી.' એનો અર્થ એ હતો કે હવે મારી પાસે ઝાઝો સમય નહોતો. મારા જીવનનો અંત મને નજર સામે દેખાવા લાગ્યો. હા, એક દિવસ બધાએ મરવાનું જ છે, પરંતુ યુવાન અવસ્થામાં જ મૃત્યુ આમ અણધાર્યું આવીને ઊભું રહેશે, એવું તો કોણે વિચાર્યું હોય! હજુ તો જીવનની શરૂઆત થઈ રહી હતી અને મરવાની તૈયારી કરવાની હતી. મૃત્યુ મારી સામે આવીને ઊભું હતું. તેમ છતાં અચરજ એ વાતનું હતું કે મને જરા પણ થડકો, ગભરામણ કે ડર નહોતો લાગ્યો. એનું કારણ હતું વચનામૃત!

શરૂઆતમાં જ્યારે હું આઇ.સી.યુ.માં હતો ત્યારે મને વચનામૃતના મુખપૃષ્ઠ પર રહેલ ભગવાન સ્વામિનારાયણની છબિ વારંવાર સાંભરતી. એક દિવસ મેં મારા પિતાને કહેલું કે ઘરેથી વચાનામૃત ગ્રંથ લઈ આવજો. પરંતુ આઇ.સી.યુ.માં પુસ્તક લાવવાની મનાઈ હોવાથી એ શક્ય ન બન્યું. વિકલ્પરૂપે મેં કહ્યું કે કદાચ આખો ગ્રંથ ન લાવવા દે તો અમુક વચનામૃતની પ્રિન્ટ કાઢીને મને આપજો. મારી પસંદગી મુજબ મ. ૧૩, પ્ર. ૨૭, પ્ર. ૧૮, અને અં. ૨ – આ ચાર વચનામૃતની પ્રિન્ટ મને પ્રાપ્ત થઈ. હું પથારીમાં પડ્યો હતો. દુઃખાવો અસહ્ય હતો અને મન ઉદ્વિગ્ન.

એવામાં મેં મધ્યનું ૧૩મું વચનામૃત વાંચવાની શરૂઆત કરી. મહારાજે તેમાં પોતાની આધ્યાત્મિક સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે: 'મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે, આ સંસારને વિષે જે અતિ રૂડો શબ્દ, અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારા મનને બાંધવાને ઇચ્છું તો પણ નથી બંધાતું ને એમાં

અતિશય ઉદાસ રહે છે. અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે. અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે. અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરું લઈને માંગી ખાવું તે પણ સમ વર્તે છે. અને હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે. અને કોઈક ચંદન તથા પુષ્પ તથા સારાં વસ્ત્ર તથા ઘરેણાં ચડાવે તથા ધૂળ નાંખે તે બેય સમ વર્તે છે. અને કોઈક માન આપે તથા કોઈક અપમાન કરે તે બેય પણ સમ વર્તે છે. તથા સોનું, રૂપું, હીરો તથા કચરો તે બેય સમ વર્તે છે. અને આ હરિભક્ત બહુ મોટો છે ને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું, બધાય હરિભક્ત સરખા જણાય છે. અને મારા અંતઃકરણને વિષે અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તેનો પણ ભાર નથી જણાતો... અને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર નથી જણાતો. તથા મારે વિષે જ્ઞાન છે જે 'હું બ્રહ્મ છું' તેનો પણ ભાર નથી જણાતો.'

આ શબ્દો વાંચતાં વાંચતાં હું શ્રીજીમહારાજના વિચારોમાં ખોવાઈ ગયો. અહો ! મારા ઈષ્ટદેવ કેટલા નિર્લેપ છે ! તેઓને માન અને અપમાનની કંઈ જ પડી નથી ! તેઓને મન ત્રણ લોકનું રાજ્ય કરવું અને ઠીકરું લઈને માંગી ખાવું એ બંને સમાન છે ! કોઈ ચંદનથી પૂજા કરે અને કોઈ ધૂળ નાંખીને હડધૂત કરે એ બંને પણ સમાન ! સોનું અને કચરો એ બંને પણ સમાન ! તીવ્ર વૈરાગ્ય, સદ્ધર્મ કે જ્ઞાન જેવા મહાન ગુણોનો પણ તેઓના અંતરમાં જરાય ભાર નહીં ! આ તો કેવું કહેવાય ? મારા ઈષ્ટદેવને આ બધી બાબતોનો પણ જરાય ભાર ન હોય અને એમનો આશ્રિત થઈને હું બીમારીનો ભાર રાખી દુઃખી થાઉં, તો તો મારું ભક્તપણું લાજે !

બસ, આ વિચાર આવ્યો અને મને અતિશય શાંતિ થઈ ગઈ. શરીર પર કોઈકે બળબળતો ડામ દીધો હોય ને તીવ્ર બળતરા થતી હોય, એવા સમયે કોઈક બરફ ઘસે તો કેવી ટાઢક થઈ જાય ? એવી ટાઢક મને થઈ ગઈ. વૈશાખની વેધક ગરમીમાંથી માગશરની મનભાવક ઠંડીમાં મને કોઈકે મૂકી દીધો હોય એવી શાંતિ મેં અનુભવી.

પછી તો અન્ય વચનામૃત પણ વાંચ્યાં. અંત્યના બીજા વચનામૃતમાં પ્રગટ ગુરુરૂપ હરિમાં જોડાણની વાત વાંચી અને પ્રમુખસ્વામી મહારાજની અનેક સ્મૃતિઓ મારા માનસપટ પર રમવા લાગી. મનમાં રહેલો ઉદ્વેગ ક્યાં ગાયબ

થઈ ગયો, ખબર જ ન પડી! મન પ્રફુલ્લિત થઈ ગયું. હા, પીડા એટલી જ હતી, પણ હવે દુઃખ નહોતું, બીમાર હોવાનો અફસોસ પણ નહોતો અને યુવાનીમાં મરવાની બીક પણ નહોતી.

ડૉક્ટરોની ચર્ચા સાંભળીને મેં તો મરવાની તૈયારી કરી જ લીધેલી, પરંતુ ભગવાન સ્વામિનારાયણની મરજી કંઈક જુદી હતી. ડૉક્ટરે અંતિમ પ્રયત્નમાં ઑપરેશન કરવાનું વિચાર્યું. તેમણે મારા પિતાને જાણ કરેલી કે ઑપરેશન પછી પણ બચવાની શક્યતા ખૂબ ઓછી છે. કોઈક ત્રીસ માળના બિલ્ડિંગ પરથી ઊંધા માથે નીચે પડે અને એની બચવાની જેટલી શક્યતા હોય એટલી શક્યતા આંકી શકાય, પરંતુ ઑપરેશન ન કરે તો મરવાની શક્યતા સો ટકા હતી.

છેવટે ૪ જાન્યુઆરી, ૨૦૦૪ના દિવસે ઑપરેશન દ્વારા મારા આંતરડામાંથી છ ઈંચનો ભાગ કાપી લેવામાં આવ્યો. આ દરમિયાન ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને સંતો દ્વારા સમાચાર મળતાં તેઓના આશીર્વાદનો પત્ર પણ આવી ગયો હતો. બાપાએ પત્રમાં લખાવેલું કે 'લોહીની ઊલટીઓ બંધ થઈ જાય, સ્વાસ્થ્ય સારામાં સારું થઈ જાય અને સંસ્થાની પણ સારામાં સારી સેવા થાય તે માટે આશીર્વાદ છે.' તેઓના આશીર્વાદ શબ્દશઃ સાચા ઠર્યા. ઑપરેશન સફળ રહ્યું. હું બચી ગયો. રિકવરી પણ ચમત્કારિક હતી. ૪થી તારીખે ઑપરેશન થયું અને ૧૨મી તારીખે તો હું મિત્રો સાથે અગાશીમાં પતંગ ઉડાડવા ગયેલો! એ વાતને આજે ૧૪ વર્ષ થઈ ગયાં છે. અત્યારે હું અમેરિકામાં સ્થાયી થયો છું. સુખી પરિવાર છે અને સત્સંગનો સંગાથ છે. જીવનમાં અનેક ચઢતી-પડતીઓની વચ્ચે વચનામૃતનો સાથ મેં ક્યારેય છોડ્યો નથી અને બદલામાં વચનામૃતે પણ મારો હાથ સદાય ઝાલી રાખ્યો છે."

– મેહુલ ઉપાધ્યાય (લોસ એન્જેલસ, અમેરિકા)

કેવું આશ્ચર્ય! એક યુવાન અને મૃત્યુ વચ્ચેની લડાઈમાં મૃત્યુએ પરાસ્ત થવાનો વારો આવ્યો! એટલા માટે નહીં કે તે યુવાન જીવતો રહ્યો; કદાચ તે જીવિત ન રહી શક્યો હોત તો પણ મૃત્યુ હારેલું જ હતું, કારણ કે સૌને ડરાવતું કંપાવતું મૃત્યુ આ યુવાનને લેશ પણ ડગાવી નહોતું શક્યું! અહીં વચનામૃતે પોતાનું અમૃતત્વ સિદ્ધ કરી બતાવ્યું હતું; તેણે આ યુવાનને મૃત્યુંજય બનાવી દીધો. વળી, મૃત્યુ પરના વિજય કરતાંય મોટી વાત હતી –

નિર્ભયતા. કદાચ મૃત્યુથી ન ડરે એવા તો ઘણા મળી આવે, પણ રોગ અને પીડા જેવાં શારીરિક કષ્ટોથી ભલભલા કંપી ઊઠતા હોય છે, પરંતુ આ યુવાનને શારીરિક કષ્ટોનો પણ ભાર નહોતો. તે નિર્ભય થઈ ગયો હતો. વચનામૃતના આવા રસઘૂંટ જેણે પીધા હોય તે જિંદગીભર તેનો સાથ ક્યાંથી છોડી શકે?

આવો, આ યુવાનમાંથી પ્રેરણા લઈ આપણે પણ વચનામૃતને આપણો કાયમી સંગાથી બનાવીએ.

મહેનત, હિંમત અને સહનશક્તિ

'તે હિંમત હારી ગયો.'

ગુજરાતી ભાષામાં ખૂબ જ વ્યાપક રીતે પ્રયોજાતો આ રૂઢિ પ્રયોગ છે. હા, દર વખતે આ જ શબ્દો નથી વપરાતા. 'મને નહીં ફાવે, બસ હવે બહુ થયું, હું કંટાળી ગયો છું, આનાથી વધારે તો કેટલું કરવું? મારી ધીરજ હવે ખૂટી ગઈ છે...' આ બધા શબ્દપ્રયોગો હિંમત હારી જવાના જ પર્યાય જેવા છે. સંસાર-વ્યવહારમાં વારંવાર આ શબ્દો કાને અથડાતા રહે છે. પરંતુ આશ્ચર્ય ત્યારે થાય છે, જ્યારે યુવાનોના મુખે આ શબ્દો સાંભળવા મળે છે.

નવલોહિયો યુવાન હોય તોયે થોડી અગવડ પડે ને કહી દેવાનું કે 'મને નહીં ફાવે!' કોઈનો સ્વભાવ સહેજ અનુકૂળ ન આવે ને કહી દેવાનું કે 'મને નહીં ફાવે!' લાખો રૂપિયાના ખર્ચ સાથે ધામધૂમથી લગ્ન થાય અને બે જ મહિનામાં પતિ-પત્ની બંને છૂટા થવાં તૈયાર હોય – 'અમને નહીં ફાવે.' કેટકેટલાં સપનાંઓ સજાવીને, હૈયું કઠણ કરી પોતાની આંખના રતનને પોતાથી દૂર મોકલવાની તૈયારી સાથે માતા-પિતા પોતાનાં સંતાનોને ઘરથી દૂર શાળાઓમાં ભણતર માટે મોકલે છે. પરંતુ, બે-ત્રણ મહિનામાં જ એ મહાશય કોઈ પણ આગોતરા સમાચાર વગર ઘરઆંગણે અચાનક પ્રગટ થઈને બોલે – 'ત્યાં મને નહીં ફાવે.'

વળી, 'શું નથી ફાવતું? કેમ નથી ફાવતું?' એવો પ્રશ્ન પૂછતાં જે કારણો જાણવાં મળે એ એટલાં નજીવાં હોય છે કે એ સાંભળીને ક્યારેક તો હસવું આવી જાય.

આવું બટકણું યૌવન! જે પળવારમાં તૂટી જાય!? છિન્ન ભિન્ન થઈ જાય!? જે દેશનાં વિરલ સંતાનો સિંહના દાંત ગણીને ગણતરી શીખતાં, જે દેશના વીર પુત્રો રાજવંશી હોવા છતાં જિંદગીભર વનમાં રહેવાનું થાય તોય ક્યારેય હિંમત ન હારતા, એ જ દેશનાં સંતાનોને નજીવી બાબતોમાં હિંમત હારી જતાં જોઈને દુ:ખ અને અચરજ બંને થાય છે.

સ્પષ્ટ દેખાય છે કે દિવસે દિવસે યુવાનોની સહન કરવાની ક્ષમતા ઘટી રહી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીએ આપણને સુવિધાઓ તો આપી દીધી, પણ સાથે સાથે આપણને પાંગળા પણ બનાવી દીધા. વીજળીની શોધ થઈ તે પહેલાં દુનિયામાં પંખા કે ટ્યૂબલાઇટ્સ નહોતાં, છતાં તે સમયે કોઈને ગરમી કે પ્રકાશ સંબંધી કોઈ ફરિયાદ જ નહોતી. પંખા કે લાઇટના અભાવે કંઈ દુ:ખ જેવું લાગતું જ નહોતું. સહન કરતા હોય એવુંય નહોતું લાગતું. જે તે પરિસ્થિતિને સ્વીકારી સૌ જીવી જાણતા હતાં. પરંતુ અત્યારે? દસ મિનિટ માટે પણ જો લાઇટ્સ જાય તોપણ અકળામણ થઈ જાય.

પૂર્વે ટેલિફોન દુર્લભ હતા. મધ્યમવર્ગીય મહોલ્લાઓમાં તો એકાદ સમૃદ્ધ માણસને ત્યાં જ ટેલિફોન જોવા મળતો. આજુબાજુ વસતા લોકોએ પોતાના સંબંધીઓને તેમનો જ નંબર આપી રાખ્યો હોય. જ્યારે આવા લોકો માટે પોતાના સંબંધીઓનો ફોન આવે ત્યારે ફોન કરનાર વ્યક્તિ પ્રથમ ફોન કરીને કહી દે કે ફલાણા ભાઈનું કામ છે એમને બોલાવી રાખજોને! ફલાણાભાઈ આવે. ફોન આવવાની રાહ જુએ. ક્યારેક પાંચ મિનિટ, ક્યારેક દસ મિનિટ અને ક્યારેક તો વીસ-પચ્ચીસ મિનિટ પછી ફોન આવતો; છતાં કોઈને કોઈ તકલીફ નહોતી. ઊલટાના ફોન પર વાત કરીને લોકો ગૌરવ અનુભવતા. પરંતુ આજે, જ્યારે દરેકના હાથમાં મોબાઈલ ફોન છે ત્યારે ચાર રિંગ વાગે અને સામે પક્ષે ફોન ન ઊપડે એટલામાં તો માણસ અકળાઈ જાય છે! મનમાં સતત રટણ ચાલવા લાગે – 'ઉપાડ... ઉપાડ... જલદી ઉપાડને! શું કરે છે? કેટલી વાર લગાડવાની?'

વીસ-વીસ મિનિટ રાહ જોતા માણસને હવે દસ સેકન્ડ માટે પણ ધીરજ નથી રહેતી! સુવિધાઓને લીધે માણસની ધીરજ ખૂટી રહી છે, સહનશક્તિનો હ્રાસ થતો જાય છે. તે દિવસે દિવસે આળસુ બનતો જાય છે. પુરુષાર્થ કરવો તેને ગમતો નથી. વગર મહેનતે બધું તૈયાર જોઈએ છે અને

મહેનત કરવાની થાય ત્યારે તેનું મન છટકબારીઓ શોધવા લાગે છે.

આવી પરિસ્થિતિમાં વચનામૃત યુવાનોને મહેનત કરવાનું, હિંમત રાખવાનું અને સહન કરવાનું શીખવે છે.

યુવાનો અને વચનામૃત સંબંધી સર્વેક્ષણ દરમ્યાન એવા અનેક રણબંકા યુવાનો દૃષ્ટિગોચર થયા છે કે જેઓએ વચનામૃતમાંથી પ્રેરણા પામીને હારની બાજીને જીતમાં પલટી નાંખી હોય. ઉચિત માર્ગદર્શન માટે શાસ્ત્રની શરણાગતિ લેવાની આ પરંપરા કંઈ નવી નથી. અર્જુન જેવો યોદ્ધો પણ જ્યારે યુદ્ધભૂમિ પર ફસડાઈ પડે છે, ત્યારે ભગવદ્‌ગીતા જેવું શાસ્ત્ર જ તેને ફરીથી બેઠો કરે છે. તેવી જ રીતે જીવનરૂપી સંગ્રામમાં પણ સંજોગો સામે લડતાં લડતાં યુવા યોદ્ધાઓ ક્યારેક ફસડાઈ પણ પડે, તે સ્વીકાર્ય છે, પરંતુ પડ્યા પછી સદાને માટે પડ્યા જ રહે તે કદાપિ સ્વીકાર્ય નથી.

જીવનસંગ્રામમાં નાસીપાસ થઈને રથની પાછળ બેસી પડેલા અનેક યુવાનોને વચનામૃત જેવા સદ્‌ગ્રંથમાંથી ફરીથી લડવાનું બળ મળ્યું છે. અમુક ઉદાહરણો જોઈએ –

“૨૦૧૭ની વાત છે. એન્જિનિયરિંગ માટે નડિયાદની વિખ્યાત ડી.ડી.આઈ.ટી. કૉલેજમાં એડ્‌મિશન મળ્યું ત્યારે જેટલો આનંદ થયેલો એટલો જ શોક જ્યારે પહેલા જ સેમેસ્ટરમાં ગણિત વિષય આવ્યો ત્યારે થયેલો. એન્જિનિયરિંગ-મેથ્સ વિષય મારા માટે ખૂબ જ પેચીદો અને કંટાળાજનક હતો. જો કે ગણિત મને પહેલેથી ખૂબ જ અઘરું લાગતું, એમાંય વળી આ એન્જિનિયરિંગવાળું તો જાણે કોઈક બીજા ગ્રહનું ગણિત હોય એવું હતું. પુસ્તક જોતાં જ પહેલો વિચાર મારા મનમાં આવેલો કે મરી ગયા. આમાં આપણો વઘાર બેસવાનો નથી. ને થયું પણ એવું. પહેલા સેમેસ્ટરમાં જ ગણિતમાં ગુલ્લી. એટીકેટીની સિસ્ટમને લીધે બીજું સેમેસ્ટર ચાલુ તો રહ્યું, પરંતુ તે વખતે ફરી વાર ગણિતની પરીક્ષા આપી એમાંય એ જ હાલ થયા. ફરી નાપાસ. મારું એક વર્ષ બગડ્યું. અધૂરામાં પૂરું હજુ પ્રથમ સેમેસ્ટરના ગણિત વિષયમાં પાસ નહોતો થયો ત્યાં તો બીજા સેમેસ્ટરમાં પણ મેથ્સ-ટુ વિષય આવીને ઊભો રહી ગયો. દુષ્કાળમાં અધિક માસ જેવું થયું. એક ક્ષણે તો મને લાગ્યું હતું કે આ વિષયને લીધે મારે કદાચ અભ્યાસ જ છોડી દેવાનો થશે.

મહેનત કરવાની થાય ત્યારે તેનું મન છટકબારીઓ શોધવા લાગે છે.

આવી પરિસ્થિતિમાં વચનામૃત યુવાનોને મહેનત કરવાનું, હિંમત રાખવાનું અને સહન કરવાનું શીખવે છે.

યુવાનો અને વચનામૃત સંબંધી સર્વેક્ષણ દરમ્યાન એવા અનેક રણબંકા યુવાનો દૃષ્ટિગોચર થયા છે કે જેઓએ વચનામૃતમાંથી પ્રેરણા પામીને હારની બાજીને જીતમાં પલટી નાંખી હોય. ઉચિત માર્ગદર્શન માટે શાસ્ત્રની શરણાગતિ લેવાની આ પરંપરા કંઈ નવી નથી. અર્જુન જેવો યોદ્ધો પણ જ્યારે યુદ્ધભૂમિ પર ફસડાઈ પડે છે, ત્યારે ભગવદ્‌ગીતા જેવું શાસ્ત્ર જ તેને ફરીથી બેઠો કરે છે. તેવી જ રીતે જીવનરૂપી સંગ્રામમાં પણ સંજોગો સામે લડતાં લડતાં યુવા યોદ્ધાઓ ક્યારેક ફસડાઈ પણ પડે, તે સ્વીકાર્ય છે, પરંતુ પડ્યા પછી સદાને માટે પડ્યા જ રહે તે કદાપિ સ્વીકાર્ય નથી.

જીવનસંગ્રામમાં નાસીપાસ થઈને રથની પાછળ બેસી પડેલા અનેક યુવાનોને વચનામૃત જેવા સદ્‌ગ્રંથમાંથી ફરીથી લડવાનું બળ મળ્યું છે. અમુક ઉદાહરણો જોઈએ –

“૨૦૧૭ની વાત છે. એન્જિનિયરિંગ માટે નડિયાદની વિખ્યાત ડી.ડી.આઈ.ટી. કૉલેજમાં એડ્‌મિશન મળ્યું ત્યારે જેટલો આનંદ થયેલો એટલો જ શોક જ્યારે પહેલા જ સેમેસ્ટરમાં ગણિત વિષય આવ્યો ત્યારે થયેલો. એન્જિનિયરિંગ-મેથ્સ વિષય મારા માટે ખૂબ જ પેચીદો અને કંટાળાજનક હતો. જો કે ગણિત મને પહેલેથી ખૂબ જ અઘરું લાગતું, એમાંય વળી આ એન્જિનિયરિંગવાળું તો જાણે કોઈક બીજા ગ્રહનું ગણિત હોય એવું હતું. પુસ્તક જોતાં જ પહેલો વિચાર મારા મનમાં આવેલો કે મરી ગયા. આમાં આપણો વધાર બેસવાનો નથી. ને થયું પણ એવું. પહેલા સેમેસ્ટરમાં જ ગણિતમાં ગુલ્લી. એટીકેટીની સિસ્ટમને લીધે બીજું સેમેસ્ટર ચાલુ તો રહ્યું, પરંતુ તે વખતે ફરી વાર ગણિતની પરીક્ષા આપી એમાંય એ જ હાલ થયા. ફરી નાપાસ. મારું એક વર્ષ બગડ્યું. અધૂરામાં પૂરું હજુ પ્રથમ સેમેસ્ટરના ગણિત વિષયમાં પાસ નહોતો થયો ત્યાં તો બીજા સેમેસ્ટરમાં પણ મેથ્સ-ટુ વિષય આવીને ઊભો રહી ગયો. દુષ્કાળમાં અધિક માસ જેવું થયું. એક ક્ષણે તો મને લાગ્યું હતું કે આ વિષયને લીધે મારે કદાચ અભ્યાસ જ છોડી દેવાનો થશે.

હું અંતરથી હારી ગયો હતો. ગણિત વિષય હાથમાં લેવાની ઇચ્છા જ નહોતી થતી. બીજું બધું વાંચ્યા કરું પણ ગણિતની ચોપડીને અડવાનું જ મન ન થાય.

એવામાં એક વાર હું નિત્ય નિયમ મુજબ વચનામૃત વાંચતો હતો ત્યારે મધ્ય ૩૩નું એક વાક્ય મારી નજર સમક્ષ આવ્યું : 'મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્યે અભ્યાસ રાખીને કરે તે થાય.' આ વાક્યે મને નવી ઊર્જા આપી. મનુષ્ય દેહે કરીને શું ન થાય? રોજનો અભ્યાસ હોય તો બધું જ શક્ય છે. આ શબ્દો મારા મનમાં ગુંજવા લાગ્યા. એ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કૂવાની ધાર પરના પથ્થરનું ઉદાહરણ આપીને કહે છે કે સૂતરમાંથી બનેલી કોમળ દોરડી મહાકઠણ પથરામાં પણ કાપા પાડી દે છે. કારણ? રોજનો ઘસારો. તેમ રોજ અભ્યાસ કરવામાં આવે તો મનુષ્ય દેહે કરીને અસંભવ કાર્યો પણ સંભવ થઈ શકે છે.

ભગવાન સ્વામિનારાયણના આ શબ્દોથી મારામાં નવું જોમ સિંચાયું. આ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ સ્વભાવોને જીતવાની પ્રેરણા આપતાં આ વાત કરી છે. મારે પણ સ્વભાવોને જીતવાના હતા. મારા ભય પર વિજય મેળવવાનો હતો. ગુમાવેલી હિંમતને પાછી મેળવવાની હતી. મારે મારી આળસ પર વિજય મેળવવાનો હતો. સમયનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો હતો. બસ, હિંમત ભેગી કરી હું મંડી પડ્યો. બીજા સેમેસ્ટરનું મેથ્સ તો એક જ પ્રયત્ને પાસ કરી દીધું. અને હમણાં જ (જાન્યુઆરી ૨૦૧૯માં) પહેલા સેમેસ્ટરના મેથ્સનું પરિણામ પણ આવી ગયું. એમાં પણ પાસ. શ્રેય આપું છું વચનામૃતને.''

– પટેલ જયમીન (ભૂમાપારડી, તીથલ)

વચનામૃતનું માત્ર એક જ વાક્ય એક હારી ગયેલા યુવા યોદ્ધાને પુનઃ બેઠો કરી દે છે. 'મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે?' – આ એક એવું વાક્ય છે કે જેમાંથી અનેક યુવાનોને પ્રેરણા મળી છે.

બીજો એક પ્રસંગ જોઈએ –

''મારું નામ જય ઇટાલિયા. હાલ ભુજમાં એન્વાયર્મેન્ટલ એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરું છું.

વચનામૃત સાથે મારી એક વિશિષ્ટ સ્મૃતિ જોડાયેલી છે. હું ગોંડલમાં

ગુરુકુળમાં રહીને અગિયારમા ધોરણમાં ભણતો હતો ત્યારની વાત છે. તે દિવસે અગિયારમા ધોરણનું પરિણામ હતું. મારે કેવળ ૬૦ ટકા આવ્યા હતા. ઓછા ગુણ મળવાથી હું નિરાશ હતો. કોઈ સાથે હસીને વાત કરવાનું પણ ગમતું નહોતું. બીજાને સફળતાથી ઝૂમતા જોઈ હું પ્લાસ્ટિક સ્માઇલ આપી દેતો હતો, પણ અંતરમાં સૂનકાર વ્યાપેલો હતો.

હું ચાલતો ચાલતો નોટિસ બૉર્ડ પાસે ગયો. ત્યાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું લિસ્ટ લગાડેલું હતું. તે લિસ્ટના અંતે વચનામૃતનું એક વાક્ય મેં વાચ્યું અને હતાશાનો ઉચ્છ્‌વાસ ક્યાં ગાયબ થઈ ગયો, ખબર જ ન પડી. એ વાક્ય હતું – 'મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે ? જે નિત્યે અભ્યાસ રાખીને કરે તે થાય.' (મ. ૩૩)

મારા અંતરમાં જાણે નૂતન ઊર્જાનો સંચાર થયો. ફરી બેઠા થવાનું બળ મળી ગયું. મેં દિલ લગાવીને મહેનત આરંભી અને પરિણામે ૧૨મા ધોરણમાં હું ૭૫ ટકા મેળવી શક્યો. મારા મતે વચનામૃતને લીધે ૧૫ ટકા વધારે મળ્યા તે તો ગૌણ લાભ હતો, પરંતુ દુઃખમાંથી મુક્ત થઈ વધુ મહેનત કરવાનું બળ મળ્યું તે જ મુખ્ય લાભ હતો. હું હંમેશાં આભારી રહીશ પરબ્રહ્મની પરાવાણી એવા વચનામૃતનો !''

– જય ઈટાલિયા (કેરિયા)

વચનામૃતના માત્ર એક જ વાક્યમાં કેટલી સામર્થી હશે કે તેણે જીવનસંગ્રામ હારી બેસેલા અનેક યુવાનોને ફરી બેઠા કર્યા, અનેક નિરાશ થયેલાઓને નવી આશાઓ આપી.

વળી, માત્ર લૌકિક માર્ગે જ નહીં, અધ્યાત્મપથ પર ચાલતા યુવા-સાધકો પણ જ્યારે હિંમત હાર્યા, ત્યારે વચનામૃતે તેઓને ફરી ઊભા થવાનું બળ પૂરું પાડ્યું છે. આવો એક યુવક પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે –

''સત્સંગ થયા પછી નિત્યપૂજા કરવાની શરૂઆત કરી. માળા, દંડવત, પ્રદક્ષિણા એ બધું ગમતું, પરંતુ માનસી પૂજા મારા માટે ખૂબ કઠણ હતી. કારણ કે આંખો બંધ કરીને બેસીએ તો ખરા, પણ મૂર્તિ કે કશું દેખાય જ નહીં, તો માનસીમાં પૂજન કેવી રીતે કરવું ? આવું ઘણી વખત થતું એટલે વિચાર આવતો કે આના કરતાં માનસી પૂજા ન કરીએ, બાકીની પૂજાથી જ સંતોષ માની લઈએ.

પરંતુ, આવા સમયે વચનામૃતના આ શબ્દો સહાયમાં આવીને ઊભા રહી જતા : 'જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, 'ભગવાન તથા સંત તે મને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે'; એમ તેના હૈયામાં હિમત્ય રહે. અને 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય' એવું વચન તો ભૂલ્યે પણ ન કહે. અને વળી ભગવાનની મૂર્તિ હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે. અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તોપણ કાયર ન થાય અને નિત્ય નવીન શ્રદ્ધા રાખે. અને મૂર્તિ ધારતાં ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહીં, તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે. તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય તોપણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહીં.'

ઓહ, અહીં તો મહારાજે સો વર્ષ સુધી ધીરજ રાખવાની વાત કરી છે. જ્યારે હું તો અમુક મહિનાઓમાં જ શસ્ત્રો હેઠાં મૂકી દેવાનું વિચારતો હતો! આ તો કેવું કહેવાય? કોઈક મિત્રે આપણને પાંચ મિનિટ રાહ જોવાનું કહ્યું હોય અને આપણે માત્ર પાંચ સેકન્ડમાં જ કંટાળીને નીકળી જઈએ એના જેવું થયું!

વચનામૃતનાં આ વચનોએ મારા અંતરમાં જાણે નવી શ્રદ્ધાનું સિંચન કર્યું. આ વચનોના સહારે આજે પણ હું માનસી પૂજા કરું છું. અને શ્રીજીમહારાજની કૃપાથી એમાં સુધારો પણ ઘણો થયો છે.''

– એક યુવક, યુવા તાલીમ કેન્દ્ર - ૨૦૧૮

વળી, કંઈક આવો જ અનુભવ લખતાં અન્ય બે યુવકો જણાવે છે –

''સત્સંગમાં આવ્યાને ઘણો સમય થઈ ગયો હતો. ગુરુહરિમાં હેતને કારણે પૂજા-પાઠ કરતો, મોટા ભાગના નિયમો પણ પાળતો, છતાં જોઈએ એવી મજા નહોતી આવતી. બધું ભાવશૂન્યપણે... જાણે કરવા ખાતર કરતો હોઉં એવું લાગતું હતું. ઘણી વાર તો મૂકી દેવાનું મન થતું હતું. પરંતુ બીજી તરફ શ્રીજીમહારાજ અને સત્પુરુષનાં વચનોમાં વિશ્વાસ પણ હતો એટલે મૂકી પણ શકતો નહોતો. મનમાં જાણે બે પક્ષ રચાઈ ગયા હતા. સત્સંગ-પક્ષ અને કુસંગ-પક્ષ. તે બંને વચ્ચે યુદ્ધ ચાલતું. તેમાં ક્યારેક સત્સંગ પક્ષની હાર પણ

થઈ જતી. તે વખતે સત્સંગને છોડી દેવાના વિચારો મનમાં છવાઈ જતા. પરંતુ જ્યારે જ્યારે આવું થાય ત્યારે મને પ્રથમનું ૭૦મું વચનામૃત યાદ આવતું. તેમાં કાકાભાઈ નામના હરિભક્ત આવો જ કંઈક પ્રશ્ન શ્રીજીમહારાજ સમક્ષ રજૂ કરે છે...

ત્યારે વળી કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! એકને તો કુસંગીની લડાઈ આળસી ગઈ છે ને સંતનું જ બળ છે એક એવો છે, અને એકને તો એમ ને એમ લડાઈ થતી રહે છે; તે એ બેમાં જેને લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી, પણ જેને લડાઈ એમ ને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય તે કહો?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો. અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા, તેને તો જીતવા કઠણ જ છે પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જિતાઈ જાય એવા નથી, માટે એ તો એમ ને એમ લડે છે. અને તેમાં જો જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો અને મૃત્યુને પામ્યો તોપણ જે એનો ધણી છે તે શું નહિ જાણે જે, 'એને આગળ આવાં કરડાં માણસ આવ્યાં હતાં તે નહિ જિતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા,' એમ એ બેય ધણીની નજરમાં હોય. તેમ એની ભગવાન સહાય કરે જે, 'આને આવા સંકલ્પ-વિકલ્પનું બળ છે અને લડાઈ લે છે, માટે એને શાબાશ છે;' એમ જાણીને ભગવાન એની સહાય કરે છે. માટે બેફિકર રહેવું. કાંઈ ચિંતા રાખવી નહિ. ભગવાનને એમ ને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું.'

આ શબ્દો વાંચીને મારામાં સ્ફૂર્તિ આવી જતી. ભલે કુસંગીના બળ સામે હાર થાય પણ લડાઈ છોડીને ભાગવું તો નથી જ – એવો સંકલ્પ કરી હું ફરીથી મંડી પડતો. ઘણો સમય વીતી ગયો. આ શબ્દોને લીધે હું હજુ સુધી સત્સંગમાં ટકી શક્યો છું. હા, લડાઈ હજુ પૂરી નથી થઈ. તે તો આજે પણ ચાલુ છે. પરંતુ મેં શિકસ્ત નથી સ્વીકારી. મારી સામે કરડા માણસો આવ્યા છે છતાં હું લડી રહ્યો છું. ભગવાનની શાબાશી મેળવ્યાનો સંતોષ છે

અને એક દિવસ તેઓ સહાય કરશે તેવો વિશ્વાસ પણ છે.''

– વંદન રાણપુરવાળા (સારંગપુર) તથા એક યુવક (સુરત)

આમ, અસ્ત્રાની ધાર જેવા અધ્યાત્મમાર્ગે ચાલતા સાધકો માટે વચનામૃત શક્તિવર્ધક ટોનિકની જેવું બની રહે છે, જે તેનું પાન કરે તેને નવી ઊર્જા મળ્યા વગર રહે જ નહીં.

અહીં પ્રસંગોપાત્ત અન્ય એક સ્પષ્ટતા પણ કરી લઈએ. ઘણી વાર યુવાનોને એવું બોલતા સાંભળ્યા છે કે 'જેવું નસીબમાં લખ્યું હશે તેમ થશે. ઝાઝી માથાકૂટ શું કરવાની?' વળી, તેમને આવી દલીલો સામે પુષ્ટિ આપતાં ઉદાહરણો પણ મળી રહે – 'ફલાણા યુવકે આટલી મહેનત કરી તોયે બારમા ધોરણનું પરિણામ જો, માંડ ૬૨ ટકા આવ્યા. ને આ યુવક! જે આપણી સાથે જ રખડ્યા કરતો'તો અને રખડવામાંથી ટાઇમ મળે ત્યારે થોડું ઘણું વાંચી લેતો'તો, તોયે ૮૫ ટકા લઈ આવ્યો. માટે આ તો બધું નસીબ પર છે. ઝાઝી હાયવોય કરવાની કંઈ જરૂર નથી.' આમ, જ્ઞાનનો દુરુપયોગ કરીને કે નસીબને હાથો બનાવીને મહેનતમાંથી છટકબારી શોધી પલાયન થઈ જવું ઘણા યુવકો માટે સાહજિક થઈ ગયું હોય છે, જે ખોટું છે.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે નસીબ અને પુરુષાર્થનું સુંદર સંતુલન દર્શાવી આપ્યું છે. વસ્તુતઃ તો તેઓએ માનવજીવન પર અસર કરતાં તમામ પરિબળોની સ્પષ્ટતા કરી દીધી છે. આવો, તેના પર થોડું ચિંતન કરીએ.

નસીબ, પ્રારબ્ધ, ભાગ્ય, પૂર્વસંસ્કાર – આ બધા મહદ્ અંશે સમાનાર્થી શબ્દો છે. માણસના જીવન પર નસીબ એટલે કે પ્રારબ્ધનો પ્રભાવ અવગણી શકાય એમ નથી, કારણ કે માણસના જીવનનું નિર્માણ જ પ્રારબ્ધમાંથી થયું છે. માણસે પૂર્વે કરેલાં સારાં કે નરસાં કર્મોમાંથી જે કર્મોનું ફળ ભોગવવાનું બાકી હોય તેવાં કેટલાંક કર્મોનો સમન્વય કરીને પરમાત્મા પ્રારબ્ધનું નિર્માણ કરે છે. બધાંનાં પૂર્વકર્મો જુદાં જુદાં હોવાથી બધાંનાં પ્રારબ્ધ પણ જુદાં જુદાં હોય છે. માટે જ લોકોમાં જન્મજાત કેટલીક વિષમતાઓ દેખાય છે. દાખલા તરીકે કોઈ સમૃદ્ધ પરિવારમાં જન્મે છે તો કોઈ ગરીબ પરિવારમાં. કોઈને રૂપવાન શરીર પ્રાપ્ત થાય છે તો કોઈને સામાન્ય કે કદરૂપું. કોઈ અપ્રતિમ બુદ્ધિપ્રતિભાથી યુક્ત હોય તો કોઈ સાવ બુદ્ધિહીન. કોઈકનો સૂરીલો કંઠ હોય છે તો કોઈકનો અત્યંત બેસૂરો. આવી વિષમતાનું કારણ છે પૂર્વકર્મ,

એટલે કે પ્રારબ્ધ. પ્રારબ્ધનો આ પ્રભાવ તો સ્વીકારવો જ રહ્યો. પરંતુ છટકબારી શોધનારાઓ પ્રારબ્ધનું બહાનું ધરીને પુરુષાર્થમાંથી પાછી પાની કરી દે છે, તે ખોટું છે. કારણ કે સામે પક્ષે એવાં પણ પરિબળો છે જેની સામે પ્રારબ્ધનો પ્રભાવ પણ ઝાંખો પડી જાય છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૨૭મા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ જણાવે છે કે ''દેશકાળાદિક જે આઠ છે તેમાં જેવું પૂર્વસંસ્કારમાં જોર છે તેવું જ એક-એકમાં છે, માટે જ્યારે એનો યોગ થાય ત્યારે જરૂર બંધન થાય છે અને પૂર્વના સંસ્કારનું જોર રહેવા દેતા નથી. અને જો સંસ્કારમાં લખ્યું એટલું જ સુકૃત-દુષ્કૃત થાય તો વેદ, શાસ્ત્ર ને પુરાણ તેને વિષે વિધિ-નિષેધના ભેદ કહ્યા છે જે, 'આ કરવું ને આ ન કરવું' તે સર્વ ખોટું થઈ જાય; તે એ મોટાનાં કરેલાં શાસ્ત્ર તો ખોટાં થાય જ નહિ. અને જય-વિજય હતા તેણે જો અયોગ્ય ક્રિયા કરી તો જે ઠેકાણે કાળ, કર્મ ને માયા નથી એવું જે ભગવાનનું ધામ ત્યાંથી પડી ગયા. અને જો નારદજીને રાજી કર્યા તો પ્રહ્‌લાદને દેશ-કાળાદિક અશુભ હતાં તોપણ નડી શક્યાં નહિ અને જો સનકાદિકને કોપાયમાન કર્યા તો દેશકાળાદિક શુભ હતાં તોપણ જય-વિજય પડી ગયા.''

અહીં દેશકાળાદિક આઠ એટલે દેશ, કાળ, ક્રિયા, સંગ, શાસ્ત્ર, મંત્ર, દીક્ષા અને દેવતાનું ધ્યાન. ભગવાન સ્વામિનારાયણ સ્પષ્ટપણે જણાવે છે કે જેટલું નસીબ કે પ્રારબ્ધનું સામર્થ્ય છે એટલું જ દેશકાળાદિક એક-એકનું છે. દેશકાળાદિક પૂર્વકર્મના પ્રભાવને પણ પરાસ્ત કરી નાંખે છે.

તેની પુષ્ટિ કરતાં ભગવાન સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતમાં જણાવે છે કે ''જો પૂર્વકર્મે કરીને દેશાદિક આઠ ફરતા હોય તો મારવાડને વિષે કેટલાક પુણ્યવાળા રાજા થયા છે, તેમને અર્થે સો હાથ ઊંડાં પાણી હતાં તે ઉપરછલ્લાં થયાં નથી. અને જો પૂર્વકર્મને વશ દેશ હોય તો પુણ્ય કર્મવાળાને અર્થે પાણી ઊંચાં આવ્યાં જોઈએ ને પાપીને અર્થે ઊંડાં ગયાં જોઈએ, પણ એમ તો થતું નથી. અને મારવાડ દેશમાં તો પાપી હોય અથવા પુણ્યવાળો હોય પણ ઊંડાં પાણી ઊપજે, પણ તે દેશ પોતાના ગુણનો ત્યાગ કરતો નથી. માટે દેશકાળાદિક તો પૂર્વકર્મનાં ફેરવ્યાં ફરે નહિ. તે માટે જે પોતાના કલ્યાણને ઇચ્છે તેને તો નાસ્તિકની પેઠે કર્મનું બળ રાખવું નહિ અને ભૂંડાં દેશકાળાદિક આઠ હોય તેનો ત્યાગ કરીને રૂડાં જે

દેશકાળાદિક આઠ તેનું સેવન કરવું."

આમ, પ્રારબ્ધ જેટલું જ બળ દેશકાળાદિક એક-એકમાં છે. અને એ દેશકાળાદિકમાંનું એક પરિબળ છે કર્મ – આપણી શુભ કે અશુભ, યોગ્ય કે અયોગ્ય ક્રિયાઓ. નસીબ ગમે તેવું હોય પણ સારી ક્રિયાઓ કરવામાં આવે, કઠિન પુરુષાર્થ કરવામાં આવે તો નસીબનું કંઈ પણ ચાલતું નથી. એનાથી વિપરીત, નસીબ ગમે તેટલું સારું હોય, પરંતુ અયોગ્ય ક્રિયા આચરવામાં આવે, તો ત્યારે પણ નસીબ કંઈ કરી શકતું નથી. માટે નસીબના બહાને પુરુષાર્થમાંથી છટકવું એ સર્વથા અયોગ્ય છે. પુરુષાર્થ કરનારનો પુરુષાર્થ ક્યારેય વ્યર્થ જતો જ નથી.

નસીબને પાછા પાડનાર દેશકાળાદિકમાંનાં પરિબળોને ટૂંકમાં જોઈએ –

- **દેશ :** કયા સ્થાનમાં રહીએ છીએ તેનો પ્રભાવ હોય છે. દા.ત. મચ્છરોનો ઉપદ્રવ હોય એવા સ્થાનમાં જઈને રહીએ તો નસીબ સારું હોય તો પણ બીમારી આવવાની શક્યતા વધવાની જ છે. જ્યાં સારો પ્રશાસક હોય, સારી વ્યવસ્થા હોય, સારું અર્થતંત્ર હોય તેવા દેશમાં રહીએ અને જ્યાં અંધેરી નગરી જેવું શાસન હોય તેવા દેશમાં રહીએ, એ બંનેમાં ફેર તો પડવાનો જ છે. ઉપરોક્ત મારવાડ દેશના કૂવાના દૃષ્ટાંતમાં પણ ભગવાન સ્વામિનારાયણ પ્રારબ્ધ સામે દેશનું પ્રધાનપણું જ સમજાવે છે.
- **કાળ :** જ્યારે દુષ્કાળ જેવી કોઈ આપત્તિ આવી પડે, ત્યારે સારા નસીબવાળો હોય કે ભૂંડા નસીબવાળો બધાને સહન કરવાનું થાય છે. સુનામી આવે ત્યારે અભાગિયાનાં ઘરોને જ ધરાશાયી કરે ને ભાગ્યશાળીઓનાં ઘરોને બચાવી લે એવું ન થાય. એવા સમયે ભાગ્ય ગૌણ થઈ જાય છે અને કાળનું પ્રધાનપણું આવીને ઊભું રહે.
- **ક્રિયા :** ઉપર જેમ જણાવ્યું તેમ, સારી કે નરસી ક્રિયાઓનો ઘણો ઊંડો પ્રભાવ આપણા જીવન પર થાય છે. જય-વિજયની એક અયોગ્ય ક્રિયાને લીધે બંનેને ત્રણ-ત્રણ વાર અસુર થવું પડ્યું એ વાત શાસ્ત્ર-પ્રસિદ્ધ છે.
- **સંગ :** વાલિયા લૂંટારા જેવા પાપીને પણ જો નારદજીનો સંગ થયો તો લૂંટારામાંથી મહર્ષિ વાલ્મીકિમાં પરિણમ્યો. માટે જ સારો સંગ

રાખવાની અને કુસંગનો ત્યાગ કરવાની વાત ભગવાન સ્વામિનારાયણે ઠેર ઠેર કરી છે.

- **શાસ્ત્ર:** વાંચનની આપણાં વિચારો અને આચરણ પર ઊંડી અસર થાય છે. આ સૌનો અનુભવ છે. ખરાબ વાંચન માણસની મતિ ભ્રષ્ટ કરીને તેને અધોગતિના માર્ગે લઈ જાય છે. માટે જ સત્શાસ્ત્રોને સેવવાની વાત પણ વચનામૃતમાં વારંવાર કરવામાં આવી છે.
- આવી જ રીતે કયા મંત્રનું રટણ કરવામાં આવે છે? દીક્ષા ગ્રહણ કરીને કોનો આશ્રય કર્યો છે? કયા દેવતાનું ધ્યાન કરે છે? આ બધી બાબતો પણ માણસના જીવનને પ્રભાવિત કરે છે.

વળી, પ્રારબ્ધ અને દેશકાળાદિક આઠને પણ પોતાની મરજી મુજબ પરબ્રહ્મ પરમાત્મા પ્રેરે છે. માટે સર્વોપરી સત્તા તો પરબ્રહ્મની જ છે. તેમણે જ સૃષ્ટિના સંચાલન માટે પ્રારબ્ધ તથા દેશકાળાદિક નિયમોની વ્યવસ્થા કરેલી છે.

આમ, જો સારી ક્રિયા, સારો સંગ, સત્શાસ્ત્રનું સેવન વગેરે માટે પુરુષાર્થ કરવામાં આવે તો નસીબની કંઈ વિસાત નથી.

માટે ચાલો, આપણે પણ નસીબના આધારે બેસી ન રહેતાં વચનામૃતનાં વચનોને હૃદયમાં ધારી ઇષ્ટદેવની મરજી મુજબ પુરુષાર્થ કરવામાં મંડી પડીએ.

સંયમની મજબૂત દીવાલ

'ઈટ, ડ્રીન્ક ઍન્ડ બી મેરી' તરફ ઢસડાતા આજના જમાનામાં યુવાની અને સંયમ આ બંને જાણે વિરોધી શબ્દો હોય એવું લાગે છે. યુવાનોને મર્યાદાઓ પસંદ નથી. કોઈની પણ રોકટોક સાંખી લેવાની તેમની તૈયારી નથી હોતી. 'રાત્રે મોડે સુધી ન રખડવું; થોડો સસ્તો મોબાઈલ રાખ તો સારું; આટલાં બધાં કપડાંની શી જરૂર છે ?...' આવી બધી પાબંદીઓ તેઓને નથી ગમતી. એમની સ્વતંત્રતાની આડે જો મા-બાપ આવે તો તેઓ પણ ક્યારેક યુવાનોની હડફેટે ચડી જતાં હોય છે. સ્વતંત્રતાના ઓઠા હેઠળ સ્વચ્છંદતા પોષાતી હોય છે. સહેજ મોકળાશ મળે અને તરત જ મન અને ઇન્દ્રિયોને છુટ્ટાં મૂકી દેવામાં આવે છે.

તેઓના વિચારો કંઈક આવા હોય છે :

'મને જ્યારે જે ઇચ્છા થાય તે હું કરીશ...'

'જે જોવાની ઇચ્છા થાય તે જોઈ લઈશ; કદાચ અયોગ્ય હોય, અશ્લીલ હોય, સમાજ ન સ્વીકારે તેવું હોય તો પણ...'

'મને જે સાંભળવાની ઇચ્છા થાય તે સાંભળીશ. તમે કોણ મને ટોકવાવાળા ? હું કંઈ હવે નાનો કીકલો નથી, મને બધી ખબર પડે છે...'

'મારે જ્યારે જે કરવું હોય તે કરું, તમારે મને સલાહ આપવાની જરૂર નથી. તમે તમારું સંભાળો.'

એક બાજુ તેમના આવા વિચારો હોય છે અને બીજી બાજુ સ્માર્ટ ડિવાઇસીસ જેવી આધુનિક ટેક્નોલોજીએ તેમને શક્તિશાળી હથિયારો આપી

દીધાં છે. મોબાઈલ તો જાણે વ્યસન જેવો બની ગયો છે. તેમાં પણ વળી દેખાદેખીની હોડમાં જરૂરિયાતનો વિચાર કરવાની મતિ સાવ મરી જ જાય છે. જરૂર હોય કે ન હોય, મોબાઈલ તો જોઈશે જ. એ પણ વળી આ જ કંપનીનો ને આ જ મોડેલ ! નહીં લઈ આપો તો આમ કરી નાંખીશ, તેમ કરી નાંખીશ... એવી ધમકીઓ પણ આપતાં તેઓ ખચકાતા નથી. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ટ્વીટર અને યુટ્યૂબ જેવી એપ્લિકેશન્સ તેઓના કીમતી સમયનો કોળિયો કરી જાય છે.

સંશોધકો એવું કહે છે કે આ બધી એપ્લિકેશન્સમાં તમે કોઈક કોમેન્ટ લખો અથવા કોઈક માહિતી કે વીડિયો શેર કરો, અને જો સારો પ્રતિસાદ મળે, લાઈક મળે, રિટ્વીટ મળે કે કોઈ પોઝિટિવ કોમેન્ટ કરે તો શરીરમાં ડોપામાઈન નામનો અંતઃસ્રાવ છૂટે છે; જે મગજને આનંદનો અનુભવ કરાવે છે. આ એ જ અંતઃસ્રાવ છે, જે ડ્રગ્સ જેવાં વ્યસનો લીધાં બાદ મગજને આનંદની અનુભૂતિ કરાવે છે. કમનસીબી એ છે કે આ અંતઃસ્રાવ અતિશય બંધનકારી છે. જે ક્રિયાથી આ અંતઃસ્રાવ ઉત્પન્ન થાય છે તે ક્રિયાને વારે વારે પુનરાવર્તિત કરવા માટે વ્યક્તિને મજબૂર કરી દે છે. અર્થાત્ માણસને તે ક્રિયાનો બંધાણી બનાવી દે છે. તેથી જ આવી એપ્લિકેશન્સનું પણ બંધાણ થઈ જતું હોય છે, વ્યસન પડી જતું હોય છે. અને એટલે જ વોટ્સએપ કે ફેસબુક પર સ્ટેટસ મૂક્યા બાદ, ટ્વીટર પર ટ્વીટ કર્યા બાદ કે ઈન્સ્ટાગ્રામ પર ફોટો મૂક્યા બાદ વારે વારે ચેક કરવાનું મન થાય છે કે કેટલા લોકોએ લાઈક કે રિટ્વીટ કર્યું ? કોણે મારા વિશે શું લખ્યું ? આ બધાં બંધાણનાં લક્ષણો છે.

વળી, ઓનલાઈન ગેઈમ્સે તો યુવાનોને કારમી થપાટો મારી છે. તેની ઘેલછામાં ઘણા યુવાનોની જિંદગી બરબાદ થઈ ગઈ છે. મોબાઈલ કે કમ્પ્યૂટર પર રમાતી આ રમતોએ કેટલાકના જીવ પણ લીધા છે.

વડોદરાના એક યુવકને મોબાઈલ પર ગેઈમ રમવાનો ચસકો લાગ્યો. આ યુવક એમ. એસ. યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએશન કરતો હતો. પરીક્ષાઓ નજીક આવી છતાં તેનું ગેઈમ રમવાનું ચાલુ જ રહ્યું. 'મોબાઈલ હશે ત્યાં સુધી આ વાંચશે જ નહીં' – આવું વિચારી પિતાએ તેનો મોબાઈલ લઈ લીધો. આટલી અમથી વાતમાં આ મહાશયે ઘર છોડી દીધું. જો મોબાઈલ આપશો તો જ ઘરે પાછો આવીશ. કેવી વિવશતા !

રાજકોટનો એક કિશોર, ભણવામાં ખૂબ હોશિયાર. આદર્શ વિદ્યાર્થી તરીકે સમગ્ર શાળામાં વિખ્યાત બનેલા આ કિશોરના હાથમાં એક દિવસ મોબાઈલ ફોન આવ્યો. બસ, વાર્તા પૂરી. તેના ભણતરમાં પડતી થવા લાગી. સામે પક્ષે મોબાઈલ વાપરવાના કલાકો વધતા ગયા. પછી તો દિવસ-રાત બસ એ જ ચાલ્યા કરે. મોબાઈલ મોબાઈલ મોબાઈલ... દીકરાને મોબાઈલ પાછળ જીવન બરબાદ કરતો જોઈ, તેના પિતાને તેના ભવિષ્યની ચિંતા થતી. આથી, એક વાર પિતાએ મોબાઈલ બંધ કરી ભણવામાં ધ્યાન આપવા માટે ટકોર કરી. બસ, આટલી જ વાત ! અને એ કિશોરે આત્મહત્યા કરી લીધી.

દિલ્હીના વસંતકુંજના કિસ્સાએ તો આખા શહેરમાં હાહાકાર મચાવી દીધો હતો. સૂરજ નામના ૧૯ વર્ષના કિશોરને ઓનલાઇન ગેઈમ રમવાની લત લાગી. લત એ કક્ષાની હતી કે તેણે અને તેના મિત્રોએ ભેગા થઈ ભાડેથી એક રૂમ રાખી, જ્યાં તેઓ રોકટોક વગર ગેઈમ રમી શકે. એ ભાડાની રૂમમાં ઓનલાઈન ગેઈમ રમી શકાય તેવી વ્યવસ્થા કરી. ટીવી સેટ પણ વસાવ્યો. ઘરેથી નિશાળે જવાનું બહાનું કાઢી નીકળે અને તે રૂમ પર જઈ તે અને તેના દસેક મિત્રો સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી ગેઈમ રમ્યા કરે અને ટીવી જોયા કરે.

આની સીધી અસર તેના અભ્યાસ પર થઈ. તે ભણવામાં સાવ નબળો થઈ ગયો. તેના પિતાએ તપાસ કરતાં તેમને ઉપરોક્ત હકીકત જાણવા મળી. આથી પિતાએ તેને ખૂબ ધમકાવ્યો. પિતાનો ઠપકો સાંભળી ક્રોધાવેશમાં આવેલા સૂરજે ત્યારે તો બધું સાંભળી લીધું, પરંતુ બદલો લેવા રાત્રે ૩ વાગ્યાની આસપાસ તે જાગ્યો. હાથમાં ચાકુ લીધું અને પથારીમાં સૂતેલા પિતા પર ચાકુના ૮ ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારી દીધા. આ જોઈ તેની માતા બૂમો પાડવા લાગી, તો માતા પર હુમલો કર્યો અને ચાકુના ૧૮ ઘા ઝીંકી તેને પણ શાંત કરી દીધી. અને પછી આ ઘટનાની સાક્ષી એવી પોતાની માસૂમ બહેનને પણ ૭ ચાકુના ઘા ઝીંકી મારી નાંખી. ત્યારબાદ પોતાનો ગુનો છુપાવવા તેણે આખા ઘરનો સામાન એવી રીતે ગોઠવી દીધો જેથી તપાસ કરનારને એવું લાગે કે કોઈક લુંટારાઓએ આવીને લૂંટ ચલાવી છે અને ઘરના સભ્યોને મારી નાંખ્યા છે. વળી, આ બધું તેણે એકદમ ઠંડા કલેજે કર્યું. પોલીસે જણાવેલું કે પૂછપરછ દરમ્યાન આ બધું કર્યાનો કોઈ અફસોસ

કે પસ્તાવો તેના મુખ પર દેખાતો નહોતો! કેવી વિકૃતિ!

એક બાજુ આવા અસંયમી યુવાનો ભારત દેશ અને તેની સંસ્કૃતિને કલંક લગાડી રહ્યા છે. તો બીજી તરફ સંયમની મહેકથી મઘમઘતા યુવાનો પણ દૃષ્ટિગોચર થાય છે. વચનામૃત ગ્રંથે અનેક યુવાનોને સંયમના માર્ગે પ્રેરીને સુખી કર્યા છે. IIT ઇંદોર ખાતે અભ્યાસ કરતા એક યુવકનો અનુભવ માણીએ...

"મારું નામ રાજ વોરા છે. હું IIT ઇંદોર ખાતે મિકેનિકલ એન્જિનિયરિંગના ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરું છું. (૨૦૧૯) મારો પરિવાર વડોદરામાં રહે છે.

વચનામૃત ગ્રંથ મને અભ્યાસ અને સત્સંગ માટે ખૂબ ઉપયોગી નીવડ્યો છે. હું સત્સંગમાં ૨૦૦૮ના વર્ષથી જોડાયો. કથા-વાર્તામાં સંયમ, એકાગ્રતા, આજ્ઞાપાલન વગેરે વિષયોની વાતો કાને પડ્યા કરતી. તેમ છતાં મારું ટીવી અને ફિલ્મો જોવાનું ચાલુ જ હતું, કારણ કે મને ફિલ્મો જોવાનો ખૂબ શોખ હતો. ઘરે હોઉં ત્યારે અવારનવાર લેપટોપ પર ફિલ્મો જોયા કરતો. ફિલ્મો જોયા વગર રહેવું મને અશક્ય જેવું લાગતું હતું. એમ કરતાં ૨૦૧૬નું વર્ષ આવ્યું. મારે ધોરણ ૧૨ બૉર્ડની પરીક્ષા હતી. પરીક્ષાઓને ફક્ત ૪ મહિના બાકી હતા, છતાં મારું ફિલ્મો જોવાનું ચાલુ જ હતું. હવે સમય ઓછો હતો. મારે અભ્યાસમાં એકાગ્ર થયા સિવાય છૂટકો જ નહોતો. એક તરફ પરીક્ષા આવતી હતી અને બીજી તરફ ચંચળ મનને સંયમિત કરવું અઘરું લાગતું હતું. એવામાં એક દિવસ મધ્યના બીજા વચનામૃતના શબ્દો મારી નજર સમક્ષ આવ્યા.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ઇન્દ્રિયોને સંયમિત રાખવાનો આદેશ આપતાં કહે છે: 'પંચ ઇન્દ્રિયો દ્વારે વિષયનો ત્યાગ દૃઢ રાખે તો બાહેરથી વિષયનો પ્રવાહ માંહેલી કોરે પ્રવેશ કરે નહીં. જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય પછી તેને ગોદડાના ગાભા ભરીને બંધ કરે ત્યારે તે કૂવો ગળાય, તેમ બાહ્ય ઇન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય...'

શ્રીજીમહારાજના આ શબ્દોએ મને ઊંડે સુધી હચમચાવી નાંખ્યો. મારે આ શબ્દોનો કંઈ પહેલો જ પરિચય નહોતો. પહેલા પણ મેં આ વચનામૃત

વાંચેલું, પણ આજે તેની અસર કંઈક જુદી હતી. મેં નક્કી કરી લીધું કે હવે પછી ફિલ્મો ન જ જોવી. પરીક્ષા સુધી મોબાઈલ પણ મેં બાજુ પર મૂકી દીધો. મેં વિચારી લીધું કે આ રીતે જો હું ચક્ષુ ઇન્દ્રિય પર સંયમ રાખીશ તો ગ.પ્ર. ૧૮ મુજબ મારું અંતઃકરણ શુદ્ધ થશે ને મારું મન અભ્યાસમાં વધુ એકાગ્ર થઈ શકશે. બસ, ત્યારથી ફિલ્મો બંધ થઈ ને નિયમિત અભ્યાસ ચાલુ થયો. મારા આ નિયમને લીધે જ હું એકાગ્રતાથી અભ્યાસ કરી JEEમાં ઉચ્ચ ગુણો સાથે ઉત્તીર્ણ થઈ શક્યો અને IIT ઇંદોર જેવી પ્રખ્યાત સંસ્થામાં એડમિશન મેળવી શક્યો. વળી, રવિસભા અને નિત્ય વચનામૃત વાંચન તો મેં પરીક્ષાના દિવસોમાં પણ ચાલુ જ રાખેલું.

આજે હું ગૌરવભેર કહી શકું છું કે સંયમને લીધે જ હું આજે જ્યાં છું ત્યાં પહોંચી શક્યો છું. તેથી જ આજે પણ મેં ટીવી અને ફિલ્મો ન જોવાનો નિયમ જાળવી રાખ્યો છે. હું આભારી છું શ્રીજીમહારાજનાં તે પ્રેરણાદાયી વચનોનો.''

– રાજ વોરા (IIT, ઇંદોર)

માણસમાં અમાપ શક્તિ રહેલી છે. પરંતુ ઇન્દ્રિયોના સંયમના અભાવે તે શક્તિ સ્રવી જાય છે. મહાભારતના શાંતિપર્વમાં ભીષ્મ યુધિષ્ઠિરને વ્યાસજી કથિત વાત કરતાં જણાવે છે :

जन्तोः पञ्चेन्द्रियस्यास्य यदेकं छिद्रमिन्द्रियम् ।
ततोस्य स्त्रवते प्रज्ञा दृतेःपात्रादिवोदकम् ॥

અર્થાત્ જેમ મશકમાં એક જગ્યાએ કાણું થઈ જાય તો ત્યાંથી પાણી સ્રવી જાય છે. તેમ જીવની પાંચ ઇન્દ્રિયોમાંથી એક ઇન્દ્રિય પણ જો છિદ્રયુક્ત થઈ જાય તો તેની પ્રજ્ઞા સ્રવી જાય છે.

માટે, ઇન્દ્રિયોને જો સંયમિત કરવામાં આવે તો તે શક્તિ સંચિત થાય છે અને યોગ્ય દિશામાં તેનો વિનિયોગ સંભવ બને છે. ગાંધારીએ આંખે પાટા બાંધીને દૃષ્ટિ સંયમમાં કરી તો એ સંયમિત દૃષ્ટિમાં પોતાના પુત્રને વજ્રનો બનાવવાની શક્તિ પ્રકટ થઈ હતી. રાજ જેવા ઘણા યુવાનો માટે વચનામૃત સંયમ સિંચતી સંજીવની સમાન બની રહ્યું છે.

વચનામૃતનાં વચનોથી યુવાનો સંયમના માર્ગે તો વળ્યા જ, આ ઉપરાંત સત્સંગના યોગથી જે યુવાનો સંયમિત હતા જ તેમને પોતાની ટેકને ટકાવી

રાખવાનું બળ પણ આ દિવ્ય ગ્રંથમાંથી પ્રાપ્ત થયું છે. વચનામૃતનું એક વાક્ય તેમને કુસંગરૂપી વાવાઝોડા સામે પોતાના અસ્તિત્વને અચલ રાખવાનું સામર્થ્ય આપી દેતું હોય છે. આવો જ અનુભવ જણાવતાં કીર્તન પટેલ લખે છે –

"સન ૨૦૦૮માં મેં એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. મારી સાથે ભણતા લગભગ બધા જ યુવકોને ઉત્સાહ હતો કે હવે કૉલેજમાં આવી ગયા. મજા કરીશું. પરંતુ, મારી પરિસ્થિતિ જુદી હતી. મારા મનમાં એ વાતનો ભય હતો કે કૉલેજના રંગીન વાતાવરણમાં મારા નિયમો સચવાશે કે નહીં? મારી સંયમની પાળો સલામત રહેશે કે નહીં? અને મને જે ડર હતો એ મુજબ શરૂઆતથી જ પ્રલોભનો આવવાં લાગ્યાં.

વર્ષના પ્રારંભમાં સિનિયર વિદ્યાર્થીઓ નવા વિદ્યાર્થીઓને વધાવવા ફ્રેશર્સ પાર્ટી રાખતા હોય છે. મને આ વાતના સમાચાર મળતાં જ હું ગભરાયો. મારા માટે તો આ બધું નવું જ હતું. વિચાર આવ્યો કે જો હું ના પાડીશ તો સિનિયર મને હેરાન તો નહીં કરે ને! પરંતુ બીજી તરફ અં. ૩૮માં ઉદ્બોધાયેલાં શ્રીજીમહારાજનાં વચનો મને બરાબર યાદ હતાં: 'વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહીં. ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહીં, એ સિદ્ધાંત વાર્તા છે.'

મેં શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે રક્ષા કરજો. અને એ પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે એમણે જ મને ઉપાય સુઝાડ્યો. ફ્રેશર્સ પાર્ટી નિમિત્તે મારે જે રકમ આપવાની થાય તે મેં આપી દીધી, પરંતુ પાર્ટીમાં હું હાજર ન રહ્યો. રકમ જમા કરાવી દીધી હતી, આથી કોઈને કંઈ પ્રશ્ન ન થયો.

ત્યારપછીના વર્ષે સિનિયર હોવાના નાતે અમારા વર્ગના વિદ્યાર્થીઓએ જ પાર્ટીનું આયોજન કરવાનું હતું. આ એક વર્ષ દરમ્યાન મારા સાથી વિદ્યાર્થીઓને મારા નિયમો બાબતે બધી ખબર પણ પડી ગઈ હતી. તેમ છતાં પાર્ટીના દિવસે તે લોકોએ આગ્રહ રાખ્યો કે, You will have to attend it or... તેમનો કહેવાનો ભાવ એવો હતો કે ક્યાં સુધી તું ગ્રુપની બહાર રહીશ? પછી જરૂર પડ્યે તને અમારા તરફથી કોઈ મદદ નહીં મળે.

આમ પાર્ટી માટે મિત્રોનો આગ્રહ ખૂબ હતો. પરંતુ સામે શ્રીજી-મહારાજનો આગ્રહ પણ એટલો જ હતો ને! તે જ વર્ષે 'ચાર વાત જીવનું

જીવન' એ શિબિરમાં અમે ગયેલા. તેમાં સદ્ગુરુ સંત પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીનું પ્રવચન હતું. તેમાં તેમણે ગઢડા પ્રથમના ૧૮મા વચનામૃતમાંથી જે વાત કરી હતી તે સતત મારા મનમાં રમ્યા કરતી હતી. શ્રીજીમહારાજના એ શબ્દો હતા– 'પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધપણે કરીને રાખજ્યો, એ વચન અમારું જરૂરાજરૂર માનજ્યો.' શ્રીજીમહારાજ જાણે કરગરીને વિનંતી કરતા હોય એવા આ શબ્દો સતત મારી નજર સામે રહેતા. મારા ઈષ્ટદેવ જ્યારે આવો આગ્રહ કરતા હોય ત્યારે એમના આશ્રિત તરીકે હું નમતું કેવી રીતે જોખી શકું?

છેવટે મેં વિનયપૂર્વક છતાં દૃઢતાથી કહી દીધું કે 'મારા ગુરુની મનાઈ છે, માટે પાર્ટીમાં આવવું શક્ય નહીં બને.' તેઓએ પૂછ્યું: 'કોણ છે તારા ગુરુ?' મેં કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજ.' સ્વામીબાપાનું નામ સાંભળતાં જ તે બધા શાંત થઈ ગયા. 'પ્રમુખસ્વામી મહારાજ!... આવા મહાન સંત તારા ગુરુ છે!...' આવા ઉદ્ગારો વચ્ચે પાર્ટીમાં લઈ જવાનો આગ્રહ ક્યાં ઓગળી ગયો, ખબર જ ન પડી.

વળી, ત્યારપછી પણ તેઓએ ક્યારેય મને આવી પાર્ટીઓમાં આવવા આગ્રહ નથી કર્યો. એટલું જ નહીં, મારા પ્રત્યે તે બધા આદરભાવ રાખતા થઈ ગયા હતા.

આવા લોભામણા વાતાવરણ વચ્ચે પણ હું અચળ રહી શક્યો એના મૂળમાં હતા – વચનામૃતનાં એ આગ્રહભર્યાં અમૃત વચનો.''

– કીર્તન પટેલ (ઉમરસાડી, વલસાડ)

વચનામૃત થકી સંયમનો સંદેશ મેળવ્યાનો આવો જ એક અન્ય અનુભવ કર્યો – ડેન્ટલ સર્જરીમાં અભ્યાસ કરતા વિરલ કાલરિયાએ. પોતાનો અનુભવ જણાવતાં તે લખે છે –

''બોર્ડની પરીક્ષા પાસ કરીને જ્યારે બેચલર્સ ઑફ ડેન્ટલ સર્જરીમાં ઍડમિશન મેળવ્યું, ત્યારે કલ્પના પણ નહોતી કે મૅડિકલ ક્ષેત્રની કૉલેજમાં પણ આટલી છૂટછાટવાળું વાતાવરણ હશે! મારા મોટા ભાગના સહપાઠી વિદ્યાર્થીઓ વ્યસન-દૂષણથી ઘેરાયેલા હતા. ભણવાનું ખૂબ પ્રેશર છે, એવું બહાનું કાઢીને તેઓ વ્યસનોના આશરે બેસી ગયેલા. ક્લાસમાં મારે આવા વિદ્યાર્થીઓની સાથે રહીને ભણવાનું થયું, પરંતુ તેમની સાથે રહેવા છતાં હું

તેમની આદતોથી અળગો રહી શક્યો, કારણ હતું – વચનામૃત.

હું રોજ વચનામૃત નહોતો વાંચતો. પરંતુ મંદિરે જે કથાવાર્તા સાંભળી હોય તેમાંથી વચનામૃતના કેટલાક સિદ્ધાંતો મને યાદ રહી ગયેલા. તેમાંનો જ એક સિદ્ધાંત એટલે વરતાલના ૨૦મા વચનામૃતમાં મહારાજે કહેલી વાત – 'જનક જેવી સમજણ હોય તોપણ કોઈ પ્રકારે કુસંગ તો કરવો જ નહીં, એ સિદ્ધાંતવાર્તા છે.'

આ વચનોમાંથી મને કુસંગથી દૂર રહેવાનું સતત બળ મળતું. આ વચનોને લીધે જ હું કુસંગથી દૂર રહી શક્યો છું અને મારા મન-ઇન્દ્રિયોને યથાશક્તિ સંયમમાં રાખી શક્યો છું, અને હજુ પણ એમાંથી મને પ્રેરણા મળતી રહે છે.''

– ડૉ. વિરલ કાલરિયા (મોવૈયા)

આમ, વચનામૃતના સિદ્ધાંતો યુવાનોની આસપાસ સંયમની એક અભેદ્ય દીવાલ બની તેઓની સુરક્ષા કરે છે. સાથે સાથે સંયમનો પરમ ઉદ્દેશ્ય શું છે, તેની પણ આ યુવાનોના મનમાં સ્પષ્ટતા કરી આપે છે. આ રીતે ઇન્દ્રિયોને સંયમમાં રાખવી એ માત્ર લૌકિક લાભ માટે નથી. સંયમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે –

'ઇન્દ્રિયોરૂપ શત્રુને કેદમાં રાખીને ભગવાનની ભક્તિરૂપ કામ લેવું. જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય, તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે પણ છૂટો મેલે નહિ ને વિશ્વાસ પણ કરે નહિ; અને જો તેને છૂટો મેલે ને વિશ્વાસ કરે તો તે રાજાને તે વૈરી નિશ્ચય મારે. તેમ જો ઇન્દ્રિયોરૂપ વૈરીનો વિશ્વાસ કરે ને છૂટા મૂકે ને કેદમાં ન રાખે તો એને નિશ્ચય ભગવાનના માર્ગ થકી પાડી નાંખે છે. માટે એનો વિશ્વાસ ન કરવો. અને વળી જેમ ઇંગ્રેજ કોઈક ગુનેગારને પકડે ત્યારે તેને પાંજરામાં ઊભો રાખીને પૂછે છે, પણ છૂટો મૂકતો નથી ને તેનો વિશ્વાસ કરતો નથી. તેમ એ ઇન્દ્રિયો-અંતઃકરણને પંચ વર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી.' (વચનામૃત પંચાળા પ્રકરણ ૩)

'દસ ઇન્દ્રિયો ને અગિયારમું મન તેમને પોતપોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવાં તેને એકાદશીનું વ્રત કર્યું કહેવાય અને એવું વ્રત તો ભગવાનના ભક્તને નિરંતર કરવું.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૭)

'એમ સમજે જે, 'મારી વૃત્તિ ભગવાનને મૂકીને બીજે ઠેકાણે જશે તો મને સંસૃતિ થશે.' માટે અતિ આગ્રહ કરીને ઇન્દ્રિયો-અંતઃકરણની જે વૃત્તિઓ તેને ભગવાનને વિષે રાખે.' (વચનામૃત લોયા પ્રકરણ ૧૫)

આમ, સંયમનો પરમ ઉદ્દેશ્ય તો ઇન્દ્રિયોને ભગવાનમાં જોડી ભગવાનની ભક્તિરૂપી કાર્ય કરાવવાનો જ છે. કારણ કે ભગવાને મનુષ્યને આ શરીર, બુદ્ધિ, મન-ઇન્દ્રિયો વગેરે આપ્યું છે તેનો હેતુ જ ભગવાનની ભક્તિ અને મુક્તિ છે. માટે જ ભગવાન સ્વામિનારાયણ ગઢડા અંત્ય પ્રકરણ ૩૦માં ભક્તિને જ મુખ્ય લાભ ગણાવતાં કહે છે: 'મરી તો સર્વેને જવું છે, પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે.'

વળી, કાયમી સુખનો ઉપાય દર્શાવતાં પણ તેઓ ગઢડા અંત્ય પ્રકરણના ૮મા વચનામૃતમાં સંયમની જ વાત કરે છે: 'જેણે પોતાની ઇન્દ્રિયો ન જીતી હોય તેને કોઈ ઠેકાણે સુખ થાય નહિ અને ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ જ્યારે ઇન્દ્રિયો વિષયમાં તણાઈ જાય, ત્યારે તે હરિભક્તના હૃદયમાં અતિ દુઃખ થાય છે. માટે સર્વ પોતાનાં ઇન્દ્રિયોને જીતીને વશ કરે તે જ સદા સુખિયો રહે છે. અને જેણે સર્વ ઇન્દ્રિયોને જીતીને વશ કરી હોય તેને જ વૈરાગ્યવાન ને ધર્મવાળો જાણવો; પણ જેનાં ઇન્દ્રિયો વશ ન થયાં હોય તેને વૈરાગ્યવાન ને ધર્મવાળો ન જાણવો. અને જે વૈરાગ્યવાન ને ધર્મવાળો હોય તેને તો સર્વ ઇન્દ્રિયો નિયમમાં હોય અને તે સદાય સુખિયો હોય.'

આવો, વચનામૃતમાંથી પ્રેરણા લઈ, આપણે પણ સંયમી યુવાન બનીને સદાય સુખિયા થઈએ અને ભગવાનના યથાર્થ ભક્ત બનીએ.

મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય

અધ્યાત્મ પથના પથિક બનેલા સાધકને જ્યારે રોગ, કુટુંબક્લેશ, ધંધામાં નિષ્ફળતા વગેરે જેવી સમસ્યાઓ આવી પડે છે, ત્યારે કેટલીક વાર તેના મનમાં પ્રશ્ન ઊઠે છે કે 'મારી સાથે જ આવું કેમ ? જે લોકો ભક્તિ નથી કરતા, સત્સંગમાં નથી જતા એવા ઘણા લોકો સુખી દેખાય છે ને હું આટલું બધું કરું છું છતાં મારા પ્રશ્નો ઓછા કેમ થતા નથી ?' આવા વિચારોને લીધે ઘણી વાર સાધક નિર્બળ બની જાય છે. અને ક્યારેક તો ભગવાનમાંથી શ્રદ્ધા જ ગુમાવી બેસે છે.

પરંતુ જેઓ વચનામૃતમાં શ્રદ્ધા રાખી ભગવાનના સ્વરૂપને યથાર્થ સમજતા હોય તેને આવાં વિચારો કે વિઘ્નો ડગાવી નથી શકતા. સૌપ્રથમ વચનામૃતમાં ઉદ્‌બોધાયેલ પરમેશ્વરના કર્તૃત્વસંબંધી કેટલાંક અમૃત-વચનોનું પાન કરીએ –

- જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા. તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે ને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વ જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન છે. ...અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવા એ જ છે. (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧)
- ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે. (વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૦)
- આ સર્વ જગતના કર્તાહર્તા ભગવાન છે, તેને કર્તાહર્તા ન સમજીએ

ને વિશ્વના કર્તાહર્તા કાળને જાણીએ અથવા માયાને જાણીએ અથવા કર્મને જાણીએ અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનનો દ્રોહ છે. (વચનામૃત વરતાલ પ્રકરણ ૨)

- તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી. અને અનંત કોટિ બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખ-દુઃખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે. (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)
- ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે. (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૫)

આ વચનોને ધ્યાનમાં રાખી ભગવાનનો ભક્ત હોય તે પોતાના જીવનમાં ઘટતી તમામ ઘટનાઓને પરમાત્મપ્રેરિત સમજીને ક્યારેય ગ્લાનિ પામતો નથી. જેમ લોકો સુખનો સહર્ષ સ્વીકાર કરી લે છે તેમ આવા ભક્તો સુખની જેમ જ દુઃખનો પણ સહજતાથી સ્વીકાર કરી લેતા હોય છે. *'મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય'* - શ્રીહરિના આ શબ્દોને મનમાં ધારી તેઓ જીવનમાં ઘટતી દરેક ઘટનાને કંઈક જુદા જ દૃષ્ટિકોણથી નિહાળે છે. તેઓને માટે સુખ કે દુઃખ બંને આપનાર ઈષ્ટદેવ જ છે અને સર્વજ્ઞ તથા સર્વાન્તર્યામી એવા ઈષ્ટદેવ જેઓ સદાય આપણું ભલું કે હિત જ કરે છે, તેમની સામે દાવો કે ફરિયાદ ક્યાંથી સંભવે ?

આવા ભક્તો વચનામૃતમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે કહેલ આજ્ઞાવચનોને હંમેશાં નજર સમક્ષ રાખે છે – 'એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે, તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪)

આ વચનોને જેઓ હૃદયમાં કોતરીને બેઠા હોય તેઓને ઉદ્વેગ ક્યાંથી સ્પર્શી શકે ? તેઓ તો હંમેશાં ગમે તે સંજોગોમાં, ગમે તેવી મુશ્કેલીઓમાં એકમાત્ર પરમાત્માને આધીન રહીને આનંદમાં મગ્ન રહે છે.

તેમ છતાં મન જો સંશય કરે કે 'કેમ મને જ દુઃખ આવે છે ?' તો તેનું

સમાધાન પણ તેને પરબ્રહ્મનાં વચનોમાં જ મળી જાય છે:

'સત્સંગીને સુખ-દુ:ખ થાય છે અને રોગાદિક પ્રાપ્ત થાય છે અને કાંઈક ધન-સમૃદ્ધિની હાનિ થાય છે અને મહેનત કરીને મરી જાય છે તોપણ એ દરિદ્રી જેવો રહે છે. તો એનું તો એમ છે જે, એને ભગવાન ભજ્યામાં જેટલી કસર છે તેટલી તેને સર્વ ક્રિયાને વિષે બરકત થતી નથી. અને ભગવાનને તો એનું સારું જ કરવું છે જે, શૂળીનું દુ:ખ હશે તે ભગવાન પોતાના આશ્રિત જનનું કાંટે કરીને ટાળતા હશે.' (વચનામૃત જેતલપુર પ્રકરણ ૫)

હા, ભલે મારા જીવનમાં દુ:ખ આવે, એ તો ભગવાન શૂળીનું દુ:ખ કાંટે મટાડે છે – એમ સમજીને ભગવાનનો ભક્ત હંમેશાં આનંદિત રહે છે. આવા ભક્તો ક્યારેક સંજોગોવશાત્ વિકટ પરિસ્થિતિથી કદાચ પ્રભાવિત થઈ જાય, તો પણ વચનામૃતનાં વચનો યાદ આવતાં જ તે સજાગ થઈ, પુનઃ સ્થિરતા પ્રાપ્ત કરી લે છે.

આવો, ભગવાનને સર્વકર્તા જાણી વિપરીત સંજોગોમાં પણ અવિચલ રહેલા કેટલાક યુવાનોના પ્રસંગો જોઈએ –

૧

ધોરાજીના મૂકેશભાઈ વાજાનો આ પ્રસંગ જણાવતાં ત્યાંના એક કાર્યકર લખે છે :

''મૂકેશભાઈ સંયુક્ત પરિવારમાં રહે છે. તેમની આર્થિક સ્થિતિ નબળી છે. તેમના પરિવારમાં તેમનાં પત્ની અને બે નાની દીકરીઓ છે. તેમના મોટા ભાઈને કેન્સરની બીમારી છે. તેમના પિતાશ્રીને મગજની તકલીફ છે. તેમના ભાભીને પણ વળગાડ જેવું છે. આ બધાંના દવા વગેરેના ખર્ચની તથા અન્ય તમામ જવાબદારી મૂકેશભાઈના શિરે છે. આર્થિક સંકડામણથી કંટાળીને એકવાર તો તેમને આત્મહત્યા કરી જીવન સમાપ્ત કરી દેવાનો વિચાર પણ આવી ગયેલો. એવામાં ધોરાજીના બાળ-નિર્દેશક કિશોરભાઈ કણસાગરાએ તેમને કહ્યું કે તમે ગઢડા મધ્ય પ્રકરણનું ૬૧મું વચનામૃત વાંચજો.

મૂકેશભાઈએ એ વચનામૃત વાંચ્યું. તેમાં શ્રીજીમહારાજ કહે છે : 'જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઈએ જે, 'ભગવાન જેમ જેમ મને વધુ દુ:ખ દેશે તેમ તેમ વધુ મારે વશ થશે અને

પલમાત્ર મારાથી છેટે નહીં રહે,' એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું, પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહીં.' શ્રીજીમહારાજના આ શબ્દોથી મૂકેશભાઈને ખૂબ બળ મળી ગયું. તેમણે નક્કી કરી લીધું કે હવે તો ભગવાન ગમે તેવી કસણીમાં રાખે તોયે પાછા પડવું નથી. આ સમજણ સાથે અત્યારે તેઓ આનંદથી ઘરની અને સત્સંગની સેવા કરી રહ્યા છે.''

૨

ધોરાજી નિવાસી ગુંજનભાઈ વઘાસિયાનો પ્રસંગ જણાવતાં તે કાર્યકર લખે છે :

''ગુંજનભાઈ થોડા સમય પહેલાં રાજકોટ જ્યાં તેઓ હમણાં જ નોકરીમાં લાગેલા ત્યાંથી નોકરીનો સમય પૂરો કરીને ઘરે જતા હતા ત્યારે પછળથી એક મોટરસાઈકલવાળા ભાઈ તેમની સાથે અથડાયા અને તેમને પછાડીને જતા રહ્યા. ગુંજનભાઈને ખૂબ વાગ્યું હતું. તેમના ડાબા પગમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. પાછળ આવતા તેમના મિત્રે તેમને તાત્કાલિક હૉસ્પિટલ પહોંચાડ્યા. ડાબા પગના ગોઠણ આગળ બે વાળા નાંખીને ઑપરેશન કરવું પડ્યું. થોડા દિવસ હૉસ્પિટલમાં રહ્યા અને અત્યારે ઘરે આરામ કરી રહ્યા છે. પરંતુ તેમના મુખ પર આવું થયાનું કોઈ દુઃખ કે અફસોસ નથી દેખાતો. લોકો ખબર-અંતર પૂછવા આવે તો તેમને તેઓ હરખભેર કહે છે કે 'મને મોટું દુઃખ આવવાનું હશે તેના બદલે શ્રીજીમહારાજે નાનું દુઃખ આપીને મારી રક્ષા કરી છે. શૂળીનું દુઃખ કાંટે મટાડ્યું છે.'

વચનામૃતની સમજણથી મહેકતા આ યુવાનને જોઈને બીજાને પણ ખૂબ પ્રેરણા મળે છે.''

૩

''મારે ખૂબ સારી જોબ હતી અને આવક પણ સારી હતી. બધું સેટ હતું. એવામાં કોઈ કારણોસર મારી જોબ છૂટી ગઈ. બધું ખોરવાઈ ગયું. નોકરી વગર ઘરે બેસી રહેવાનું થયું ત્યારે પરિવાર તરફથી પણ ઘણું સાંભળવું પડતું.

આવા સંજોગોમાં પણ મને અંતરમાં શાંતિ રહેતી. કેવળ વચનામૃતમાંથી

પ્રાપ્ત થયેલી સમજણના આધારે જ, કે 'શ્રીજીમહારાજ સર્વકર્તાહર્તા છે ને જે પણ કરે છે તે મારા સારા માટે જ કરે છે.'

– એક યુવક, યુવા તાલીમ કેન્દ્ર

૪

"જ્યારે હું કૉલેજના ત્રીજા સેમેસ્ટરમાં હતો, ત્યારે મારે એક બેકલોગ આવી હતી. એક વિષયમાં નાપાસ થયો. મને ખૂબ દુઃખ થયું. એવો વિચાર આવી ગયો કે 'હું આટલો બધો સત્સંગ કરું છું. રોજ મંદિરે આરતીમાં હાજર રહું છું, સભામાં જાઉં છું, તો પણ આવું દુઃખ મને જ કેમ?' દુઃખ વધારે લાગતું હતું, કારણ કે જીવનમાં પહેલી વાર ફેઈલ થયો હતો.

પણ તે જ દિવસે કથામાં જે વચનામૃત વંચાયું તેમાં ભગવાનના કર્તા-પણાની વાત આવી. અને મને મારું દુઃખ ટાળવાનો ઉપાય મળી ગયો. 'ભગવાન સર્વકર્તાહર્તા છે અને જે કંઈ કરે છે તે મારા સારા માટે જ કરે છે' – આ વિચારથી મને શાંતિ થઈ ગઈ અને અત્યારે છેલ્લું સેમેસ્ટર ૯ એસ.પી.આઈ. સાથે પાસ કરી શક્યો."

– એક યુવક, મહેસાણા

૫

"મારી ઉંમર ૨૧ વર્ષ છે. હું પાટણ જિલ્લાના એક ગામમાં રહું છું.

વચનામૃત વાંચનથી મને ખૂબ લાભ થયો છે. વચનામૃતને લીધે જ હું મારા કૌટુંબિક પ્રશ્નોમાં સ્થિરતા જાળવી શક્યો છું. ઘરમાં વાતાવરણ એવું છે કે મારી માતા અને મારા માસી વચ્ચે રોજ કંઈક ને કંઈક ઝઘડા, ખટપટ ચાલ્યા જ કરે. એમાં વળી મારા ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી. પિતાશ્રી ઓછું કમાય. ને પાછું એમને કાને ઓછું સંભળાય. તમે કલ્પી શકો છો કે આવા સંજોગોમાં ઘરમાં કેવું વાતાવરણ સર્જાતું હશે? તેની વચ્ચે મારે રહેવાનું થતું. ક્યારેક તો મને એ વાતાવરણમાં ગૂંગળામણ અનુભવાતી. ઘણી વાર મનમાં પ્રશ્ન થતો કે હું આટલી ભક્તિ કરું છું, છતાં મને જ કેમ આવું દુઃખ આવ્યું? મારા ભાગ્યને દોષી ઠેરાવતો. પરંતુ, વચનામૃતમાંથી મને સમજાયું કે સર્વકર્તાહર્તા શ્રીજીમહારાજ છે ને તેઓ જે કરે છે તે મારા સારા માટે જ કરે છે. મને શૂળીનું દુઃખ આવવાનું હશે તે કાંટે મટાડી રહ્યા છે. આ વિચારથી હવે હું સ્થિર રહી શક્યો છું."

– એક યુવક (જિલ્લો : પાટણ)

૬

"મારા અંતરમાં અમેરિકા જઈને માસ્ટર્સ કરવાની અદમ્ય ઇચ્છા હતી. પરંતુ ઘરના આર્થિક સંજોગો એવા હતા કે એ શક્ય ન બન્યું. ત્યારે હું જરા નિરાશ થઈ ગયેલો, પરંતુ એ નિરાશા પૂરી ૨૦ મિનિટ પણ ન ટકી શકી. કારણ કે 'ભગવાન જ સર્વકર્તા છે અને જે કંઈ પણ કરે છે તે આપણા સારા માટે કરે છે.' વચનામૃતમાંથી પ્રાપ્ત થયેલી આ સમજણે મને નિરાશામાંથી ઉગારી લીધો હતો."

– એક યુવક (ધોરાજી)

૭

"મારું નામ પટેલ નિકુંજ રમણભાઈ છે. હું અત્યારે રાજકોટમાં બી.એડ.નો અભ્યાસ કરું છું. મારો પ્રસંગ ચાર વર્ષ પહેલાંનો છે.

એક દિવસ મને સમાચાર મળ્યા કે મારાં ફોઈનો અકસ્માત થયો છે. નશો કરીને ડ્રાઈવિંગ કરતા એક છોકરાએ તેમની સાથે કાર અથડાવતાં તેઓ અક્ષરનિવાસી થયાં છે. આ સાંભળી મને ખૂબ દુઃખ થયું, કારણ કે મારાં ફોઈ મારા માટે બીજી મા સમાન હતાં. હું જ્યારે નાનો હતો ત્યારે ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાથી મારાં મમ્મી-પપ્પા મને ફોઈ પાસે મૂકીને બહારગામ કામ કરવાં જતાં. એટલે નાનપણનો ઘણો સમય મેં મારા ફોઈ સાથે જ વિતાવ્યો હતો. પાંચમા ધોરણ સુધી હું એમની પાસે જ મોટો થયેલો. એટલે મને પણ જેવું મા પર હેત હોય એવું જ હેત મારાં ફોઈ પર હતું. આથી, તેમના અક્ષરવાસના સમાચાર સાંભળી મને ખૂબ આઘાત લાગ્યો. મારું મન અસ્થિર થઈ ગયું. કેમેય કરીને મન માનવા તૈયાર જ નહોતું થતું કે આવો પ્રસંગ બની ગયો છે. બહુ દુઃખ થતું હતું. એ રાત્રે મને ઊંઘ પણ ન આવી. એક જ વિચાર મારા મનમાં ઘૂંટાતો રહ્યો કે સારા માણસો સાથે જ આવું કેમ થાય છે?

સવારે અંતિમક્રિયા પછી હું એકલો બેઠો હતો, ત્યારે અચાનક જ વચનામૃતમાં મહારાજે કહેલાં વચનો મને યાદ આવ્યાં: 'સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું.' (અમદાવાદ પ્રકરણ ૭) એ વચનોથી ભગવાનનું સર્વકર્તાહર્તાપણું સાંભરી આવ્યું. ને બસ, ત્યારપછી તો વિચારોની પરંપરા ચાલી કે શ્રીજીમહારાજ જે કંઈ પણ કરે છે તે ભલા માટે

જ હોય છે. આ વિચારોથી મને તરત જ શાંતિ થઈ ગઈ. જો મને સત્સંગ ન હોત ને વચનામૃતની સમજણ ન મળી હોત તો કદાચ વર્ષો સુધી એ દુ:ખ મને પીડ્યા કરત. પરંતુ વચનામૃતને કારણે એ દુ:ખ હળવું થઈ ગયું હતું."

– નિકુંજ પટેલ (તેજલાવડ ફળિયા, ચીખલી)

૮

"મને ચામડીનો જિદ્દી રોગ સોરાઈસીસ થયેલો. મનમાં વિચારો ચાલતા કે ભગવાનને હું જ દેખાયો? પરંતુ એક વાર જ્યારે કથામાં વચનામૃત વાંચન દરમ્યાન સાંભળ્યું કે ભગવાન શૂળીનું દુ:ખ કાંટે મટાડે છે, ત્યારથી મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો. હું સ્થિરતા મેળવી શક્યો."

– બ્રિજેશ પટેલ (જંબુસર)

આમ, ભગવાનને સર્વકર્તાહર્તા સમજીને અનેક યુવાનો ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ સ્થિરતા રાખે છે.

આવા યુવાનોની વિશેષતા એ છે કે તેઓ ક્યારેય ભગવાન પાસેથી એવી અપેક્ષા નથી રાખતા કે હું ભક્ત થયો તેથી મારા જીવનમાં કોઈ મુશ્કેલી જ ન આવવી જોઈએ. તેઓ સમજે છે કે ભગવાન આપણને જે પરિસ્થિતિમાં રાખે તેમાં જ આપણું પરમ હિત સમાયેલું છે. હા, હું એ હિતને સમજી શકતો નથી. જેમ માતા દીકરાને કડવું ઔષધ પિવડાવે છે ત્યારે દીકરો રડે છે, ધમપછાડા કરે છે; કારણ કે બાળક પોતાના હિતને સમજી શકતો નથી. પરંતુ માતા પોતાના બાળકને પરાણે કડવું ઔષધ પિવડાવીને જ રહે છે. જોનારને કદાચ એવું લાગે કે એક સ્ત્રી માસૂમ બાળક પર અત્યાચાર ગુજારી રહી છે. પરંતુ તેને શું ખબર પડે કે માતાના હૃદયમાં તો પ્રેમની પરાકાષ્ઠા છે. આ તે દીકરાને નીરોગી કરવા માટેની, તેનું હિત કરવા માટેની તજવીજ ચાલે છે. તેમ ભગવાન પણ ભક્તને દુ:ખરૂપી કડવું ઔષધ પિવડાવીને તેને નિર્દોષ કરી મૂકે છે. જન્મ-મરણથી મુક્ત કરી દે છે. આવું સમજી નિષ્ઠાવાન યુવાનો દરેક પરિસ્થિતિમાં પર્વતની જેમ અચલ ઊભા રહે છે.

આવો, વચનામૃતમાંથી પ્રેરણા પામી આપણે પણ ભગવાનને સર્વ-કર્તાહર્તા સમજી નિર્ભય, નિશ્ચિંત અને નિશ્ચલ થઈને ભક્તિ કરીએ.

ફાયદાઓનો કોઈ પાર નથી

આ વસુંધરા પર અત્યારે આશરે સાત અબજ માણસો વિદ્યમાન છે. દરેકના સ્વભાવો જુદા જુદા છે. દરેકની પસંદ-નાપસંદ જુદી જુદી છે. દરેકના સંસ્કારો જુદા જુદા છે, ને એટલે જ દરેકના પ્રશ્નો અને સમસ્યાઓ પણ જુદાં જુદાં છે. રોજિંદા જીવનમાં મનુષ્યને અનેક પ્રકારનાં પ્રશ્નો અને મુશ્કેલીઓનો સામનો કરવાનો થાય છે. પરંતુ જરા વિચાર કરતાં જણાશે કે પ્રશ્નો ભલે જુદા જુદા હોય, પરંતુ મોટા ભાગના પ્રશ્નોનું કારણ સરખું છે – સમજણનો અભાવ.

માટે જ ભગવાન સ્વામિનારાયણ સારંગપુરના ૧૮મા વચનામૃતમાં સુખની ચાવી દર્શાવતાં કહે છે : જે સમજુ હોય તે જ સુખી થાય છે.

દુનિયામાં એવા માણસો પણ જોવા મળશે જે કરોડપતિ હોય, જેની પાસે દરેક પ્રકારની સુવિધાઓ હોય, સમગ્ર ભૂમંડળમાં જેની કીર્તિ પ્રસરેલી હોય, તેમ છતાંય દુઃખી હોય ! કેમ ? સમજણના અભાવે.

સામે પક્ષે એવા લોકો પણ દેખાશે, જે ગરીબ હોય, બે ટાઈમ પેટ ભરાય એટલું માંડ કમાતા હોય, કોઈ ભાવેય ન પૂછતું હોય, છતાં પણ સુખી હોય ! કેમ ? સમજણ છે.

ભગવાન શ્રી રામચંદ્રજીના જીવનમાં અણધાર્યું જ અસહ્ય દુઃખ આવી પડ્યું, છતાં તેમના મુખ પરની પ્રસન્નતા અકબંધ હતી. સામે પક્ષે રાવણને કોઈ જ ખોટ નહોતી છતાં તેને મૃત્યુપર્યંત ક્યારેય શાંતિ જ ન થઈ.

મહાભારતના યુદ્ધના પ્રથમ દિવસે અર્જુન નાસીપાસ થઈને રથની પાછળ બેસી ગયા છે. ગીતા તેમનું વર્ણન કરતાં કહે છે – 'શોકસંવિગ્નમાનસઃ'

અર્થાત્ તેમનું મન શોકથી ઘેરાઈ ગયેલું હતું. કારણ કે આ યુદ્ધમાં પોતાના પરિવારજનો મૃત્યુ પામશે એ વિચાર અર્જુનને કોરી ખાતો હતો.

એ જ રથમાં સારથિ તરીકે ભગવાન કૃષ્ણ વિરાજમાન હતા. જેમ અર્જુનનાં સગાં-સંબંધીઓ યુદ્ધમેદાનમાં ઉપસ્થિત હતાં તેમ ભગવાન કૃષ્ણનાં પણ સગાં-સંબંધીઓ તે જ યુદ્ધભૂમિ પર હાજર હતાં. જેમ અર્જુનના સંબંધીઓ યુદ્ધમાં હણાવાના હતા, તેમ કૃષ્ણ ભગવાનના સંબંધીઓ પણ હણાવાના જ હતા. બંનેની બાહ્ય પરિસ્થિતિ સરખી જ હતી, છતાં અર્જુન શોક કરે છે અને કૃષ્ણ ભગવાન સ્થિર છે. તેમના મુખ પર સ્મિત છે. કારણ? આંતરિક સ્થિતિમાં ભેદ હતો. બંનેની સમજણ જુદી જુદી હતી. અર્જુને પોતાની અણસમજણ છોડી અને ભગવાન કૃષ્ણની સમજણ અપનાવી ત્યારે તે પણ સ્થિર થઈ ગયા.

આમ, માણસનું સુખ કે દુઃખ પરિસ્થિતિને આધીન નથી, પરંતુ માનસિક સ્થિતિને આધીન છે. જે તે પરિસ્થિતિમાં તેની સમજણ જ તેને સુખી કે દુઃખી કરે છે.

વચનામૃત એવી સાચી સમજણ આપતો ગ્રંથ છે, જેનાથી વ્યક્તિના જીવનમાં સત્-અસતનો વિવેક પ્રગટ થઈ આવે છે. જે વ્યક્તિ વચનામૃત વાંચી તેનું શ્રવણ, મનનાદિક કરે છે, તેનો દુનિયાને કે સંજોગોને જોવાનો દૃષ્ટિકોણ જ કંઈક જુદો હોય છે. આથી સાધારણ યુવાન જ્યારે નાની-નાની મુશ્કેલીઓમાં નાસીપાસ થઈને બેસી જાય છે ત્યારે વચનામૃતની સમજણથી અલંકૃત યુવાન ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ શાંત ને નિશ્ચલ રહે છે.

આથી જ યુવાનોને જ્યારે આ વિષયક પ્રશ્નો પૂછવામાં આવ્યા, ત્યારે ઘણા બધા યુવાનોનો એક જ સૂર હતો કે 'વચનામૃતના ફાયદાઓનો કોઈ પાર જ નથી. ડગલે ને પગલે વચનામૃતની સમજણ જ અમારા જીવનનો આધાર બનીને અમને સધિયારો આપે છે.'

અહીં વિષયોની ગોઠવણ વગર કેટલાક યુવાનોના અનુભવો એમના શબ્દોમાં જ પ્રસ્તુત છે.

૧

"હું બાળકાર્યકર તરીકે સેવા આપું છું. એક વાર હું બાળકોનો સંપર્ક

કરવા માટે ગયો. હજુ તો પહેલા જ ઘરમાં પ્રવેશ કર્યો ને ત્યાં તો તે બાળક કંઈક ગેર સમજણને લીધે મારા માટે ગમે તેમ બોલવા લાગ્યો. મને થયું કે 'પ્રથમ ઘરની મુલાકાતમાં જ આવું થયું?' મનમાં ગુસ્સો પણ આવી ગયો કે અમે તો તમારા સારા માટે સભા ચલાવીએ છીએ. બીજા બાળકના ઘરે સંપર્ક માટે જવું કે ન જવું એવો વિચાર કરવા લાગ્યો. પરંતુ ત્યારે જ ગ.પ્ર. ૨૭નું વાક્ય મને યાદ આવ્યું: 'સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.' આ વાક્યએ જાણે ટ્રિગરનું કામ કર્યું. તેના પછી તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનું અપમાન થયું હોય છતાં તેઓએ ક્ષમા આપી હોય એવા અનેક પ્રસંગો સાંભરી આવ્યા. અને મને બળ મળી ગયું! પછી તો બધા બાળકોના ઘરે સંપર્ક કર્યો. પણ તે સમયે જો વચનામૃતનું વાક્ય ન સાંભર્યું હોત તો કદાચ હું પાછો પડી ગયો હોત!" – **વિશાલ પટેલ (સિદ્ધપુર)**

૨

"એક વાર જ્યારે શાળામાં અમારી પરીક્ષા ચાલતી હતી, ત્યારની આ વાત છે. મારી આગળના નંબરનો વિદ્યાર્થી મારા કરતાં વધુ હોશિયાર હતો. તે પરીક્ષામાં વધુ લખતો હતો અને ઉત્તરવહીનાં વધારે પાનાં ભરતો હતો. તે જોઈ મને વિચાર આવતો કે આ બહુ ડાહ્યો વગર કામનો છે. તેને જોઈને મને તેની ખૂબ ઈર્ષ્યા આવવા લાગી. પરંતુ તે વખતે મને ગઢડા પ્રથમનું ચોથું વચનામૃત યાદ આવ્યું, જેમાં શ્રીજીમહારાજે ઈર્ષ્યા કરવાની ના પાડી છે. અને જો ઈર્ષ્યા કરવી હોય તો નારદજીના જેવી ઈર્ષ્યા કરવી – એમ કહ્યું છે. તેમાંથી મને પ્રેરણા થઈ, અને મેં તેને મિત્ર બનાવી લીધો અને ઈર્ષ્યાની વાત છોડી દીધી. આથી, અંતરમાં જે બળતરા થતી હતી તે મટી ગઈ."

– **વંદન પઢિયાર (તિથોર, પાદરા)**

3

"પૂર્વે મારે માતા-પિતા અને ભાઈ સાથે ઘણી વાર ઝઘડો થતો. ઝઘડો નાની બાબત માટે જ થતો, પણ તેનાથી મનમાં અશાંતિ રહ્યા કરતી.

પરંતુ વચનામૃત વાંચનથી મને ઘણી અંતર્દૃષ્ટિ થઈ. કારણ કે મહારાજે

અનેક ઠેકાણે કહ્યું છે કે ક્રોધ ન કરવો. તેના પરિણામે હવે ક્રોધ ઘણો ઓછો થઈ ગયો છે, ઘરમાં ક્લેશ નથી થતો અને મન પણ શાંત રહે છે.''

– તેજસ પટેલ (રાયપુર)

૪

"મારામાં ખૂબ જ ક્રોધ હતો. નાની નાની વાત પર મારામારી પર આવી જતો. જ્યારે હું ગુસ્સે થઈ જતો ત્યારે ગમે તેની ઉપર હાથ ઉપાડી દેતો. પરંતુ વચનામૃત વાંચવાની શરૂઆત કર્યા બાદ એક દિવસ લોયાનું પહેલું વચનામૃત વાંચવામાં આવ્યું. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે: 'અને ક્રોધ તો કેવો છે? તો જેવું હડકાયું કૂતરું હોય તેવો છે. જેમ હડકાયા કૂતરાની જે લાળ, તે ઢોર અથવા મનુષ્ય જેને અડે, તે હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાંખીને મરી જાય; તેમ ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાંખીને સંતના માર્ગ થકી પડી જાય. અને વળી ક્રોધ કેવો છે? તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે, તેમ ક્રોધ છે તે પણ સૌને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે.'

શ્રીજીમહારાજના આ શબ્દોથી મને ખૂબ અંતર્દૃષ્ટિ થઈ. વળી, શ્રીજી-મહારાજને તમોગુણી માણસો ગમતા નથી, એ જાણીને પણ ખૂબ પસ્તાવો થયો. ત્યારથી મેં ક્રોધ ન કરવાનું નક્કી કરી લીધું. અત્યારે મહારાજની દયાથી ઘણો સુધારો થયો છે અને મને કોઈ કંઈ પણ કહી જાય કે ચીડવે તો ક્રોધ આવતો નથી. વચનામૃતના શબ્દો યાદ આવે છે ને ક્રોધ શાંત થઈ જાય છે."

– તેજસ ચૌહાણ (ભરૂચ)

૫

"કૉલેજનો અભ્યાસ પૂરો થયો ને પાંચ જ દિવસમાં મારા પપ્પાનું હાર્ટએટેક આવવાના કારણે અવસાન થયું. તે સમયે હું ઘરે નહોતો. મને સમાચાર મળ્યા ત્યારે એક જ વાત યાદ આવી કે ભગવાનનો ભક્ત તો ભગવાનના ધામમાં જ જાય છે. એટલે વિચાર આવ્યો કે મારા પપ્પા તો સુખિયા થઈ ગયા છે. કારણ કે ભગવાનના ધામમાં ગયા છે. આ વિચારથી

હું સ્થિરતા રાખી શક્યો.'' – **રાજનકુમાર રાકેશભાઈ પટેલ (ખુદવેલ, નવસારી)**

૬

''હું જ્યારે સ્કૂલમાં અભ્યાસ કરતો હતો, ત્યારે મારી કેટલીક શારીરિક મર્યાદાઓને કારણે સાથેના વિદ્યાર્થીઓ મારી ખૂબ મજાક ઉડાવતા. ક્યારેક તો મને જાહેરમાં ઉતારી પાડતા. ત્યારે વચનામૃતમાં મહારાજે આપેલો આત્મવિચાર મારો આધાર બની રહેતો અને તેથી જ મને અશાંતિ નહોતી થતી. ખોટું પણ લાગતું નહીં.'' – **એક યુવક (મહેસાણા)**

૭

'સ્વામિનારાયણ ભગવાનની દયાથી સત્સંગી પરિવારમાં જ મારો જન્મ થયો. વળી, ગોંડલ ગુરુકુળ જેવા પવિત્ર વાતાવરણમાં રહીને અભ્યાસ કરવાનો અવસર મળ્યો એ પણ ભાગ્યની વાત હતી.

તે વખતે ઘણી વાર અમારે ગુરુકુળના વિદ્યાર્થીઓને નાની-મોટી સેવામાં જોડાવાનું થતું. અને હું પણ હોંશે હોંશે જુદી જુદી સેવાઓમાં જોડાતો. પરંતુ તે વખતે સેવા કરવા પાછળ એક જ હેતુ રહેતો – નાસ્તો. સેવામાં વચ્ચે જ્યારે વિરામ હોય ત્યારે અથવા સેવા પૂરી થાય ત્યારે મોટે ભાગે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવતી. એ નાસ્તો જ મારી સેવાનું પ્રેરક બળ બની ગયું હતું. ક્યારેક નાસ્તાનો બંદોબસ્ત ન હોય તો મને સેવા કરવાનું બળ ન આવતું. વળી, અમારી સેવાની કોઈ નોંધ લે કે કોઈ વખાણે એવી પણ અપેક્ષા રહેતી.

ગોંડળમાં અભ્યાસ પૂરો કર્યા બાદ હું સારંગપુર સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ માટે આવ્યો. અહીં સંસ્કૃત મહાવિદ્યાલયમાં વચનામૃતનો અભ્યાસ શરૂ થયો. અને એ દરમ્યાન જ્યારે મધ્યનું ૪૧મું વચનામૃત આવ્યું ત્યારે મને મારી ખામી સ્પષ્ટ દેખાઈ અને સમજાયું કે સેવા કેવી રીતે કરવી જોઈએ? માનરૂપી હાડકાને તો આખી દુનિયા ચૂંથે છે. આપણે તો મોટાં ભાગ્ય માનીને, રાજીપાને અર્થે, ભક્તિએ કરીને, પોતાના મોક્ષ માટે સેવા કરવાની હોય છે. આ વચનામૃતના વાંચન બાદ મારા વર્તનમાં ઘણો ફેર પડ્યો છે. આજે પણ ઘણી સેવાઓમાં જોડાવાનું થાય છે, પણ હવે અપેક્ષા વગર સેવા

કરવાની પ્રેરણા મળે છે. અને સેવા પાછળ કયું પ્રેરકબળ હોવું જોઈએ એનું અનુસંધાન રહે છે. આમ, મને વચનામૃતમાંથી સેવા કરવાની રીત શીખવા મળી.''

– વિવેક કાપડિયા (મેતાખંભાળિયા, ગોંડલ)

અહીં વર્ણવ્યા તેવા ઢગલાબંધ નાના-મોટા અનુભવો કિશોરો-યુવાનોને થયા છે. જેમાં ભક્તિ, ઉપાસના, આજ્ઞાપાલન, તપ, સહનશીલતા, નિષ્કામ-ધર્મ, વાણીવિવેક, અભાવ-અવગુણ, સરળતા, ગુણગ્રાહક દૃષ્ટિ, કુસંગનો ત્યાગ જેવા અનેક સાધનાલક્ષી વિષયોની પ્રેરણા અને સ્પષ્ટતા તેઓને વચનામૃતમાંથી થઈ હોય તેવા મબલખ પ્રસંગો તેઓએ નિરૂપ્યા છે.

ગુરુહરિની રુચિ

વચનામૃત સંબંધી પ્રશ્નોત્તર દરમ્યાન બધા જ યુવાનોએ એક સર્વ સામાન્ય અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે 'જ્યારે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં દર્શન કરીએ છીએ, ત્યારે તેઓ વચનામૃતનું જીવંત સ્વરૂપ છે એ વાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી.'

વચનામૃતમાં શ્રીહરિએ કહેલાં ગુણાતીત બ્રહ્મસ્વરૂપ સંતનાં લક્ષણો પણ નજર સામે ઝળહળે છે:

'એવા સંતનું દર્શન થયું, ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦)

'એના નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ-પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે; અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.'

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭)

આ વચનો દ્વારા શ્રીહરિ જે સંતનો નિર્દેશ કરે છે, એ સંત અમને સાક્ષાત્ મળેલા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ છે – એ અનેક યુવાનોની પ્રતીતિ છે.

જ્યારે 'વચનામૃત યુવાનો માટે' એ વિષય પર ચિંતન ચાલતું હતું,

ત્યારે વિચાર્યું કે શ્રીહરિ જેમાં સમ્યક્ બિરાજે છે એવા ગુરુહરિને જ પૂછીએ કે યુવાનોએ વચનામૃતમાંથી કઈ વાતની વિશેષ દૃઢતા કરવી જોઈએ? તે પ્રસંગ અહીં પ્રસ્તુત છે –

તા ૧૨ એપ્રિલ ૨૦૧૯


ગુરુહરિ મહંત સ્વામી મહારાજ સારંગપુરમાં બિરાજતા હતા. તે વખતે સંતો તેમની પાસે એક પ્રશ્ન લઈને આવ્યા.

પ્રશ્નમાં એવું લખ્યું હતું કે 'વચનામૃતમાંથી સૌ કોઈને અનેક પ્રેરણાઓ મળે છે. તેમાંથી ખાસ કરીને યુવાનોએ શેની વિશેષ દૃઢતા કરવી જોઈએ?'

આ પ્રશ્નની સાથે ભક્તિ, આજ્ઞાપાલન, આત્મનિષ્ઠા, સંયમ, તપ, વૈરાગ્ય, સહનશીલતા, નિષ્કામધર્મ, એકાંતિકધર્મ, રાજીપાનો વિચાર, પ્રાપ્તિનો વિચાર, અસ્મિતા વગેરે ૨૩ જેટલા વિષયોનું લિસ્ટ પણ હતું. સ્વામીશ્રીએ પ્રશ્ન વાંચ્યો, ત્યારબાદ ખૂબ જ ધીરજપૂર્વક ૨૩ વિષયોનું આખું લિસ્ટ પણ વાંચ્યું. પછી થોડી વાર વિચાર કરીને નિર્ણય આપતાં જણાવ્યું:

'રાજીપાના વિચારમાં બધું આવી જાય છે.'

ત્યારબાદ સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુરના વિદ્યાર્થીઓને અનુલક્ષીને એક પત્રમાં સ્વામીશ્રીએ હસ્તાક્ષર કરવાના હતા. સ્વામીશ્રીના મનમાં હજુ રાજીપાના વિચારનું જ મનન ચાલતું હતું. આથી તેઓશ્રીએ લખ્યું...



આમ, સ્વામીશ્રીએ જણાવ્યું કે રાજીપાનો વિચાર બીજી બધી સાધનાને પોતાની અંદર સમાવી લે છે. સ્વામીશ્રીએ જે સાર આપ્યો તે અદ્‌ભુત છે. આવા ગુણાતીત સત્પુરુષ જ શાસ્ત્રોનાં રહસ્યને યથાર્થ જાણતા હોય છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં રાજીપાના વિચાર વિષયક જે કંઈ વચનો ઉચ્ચાર્યાં છે, તેનો અભ્યાસ કરતાં આ વાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

વચનામૃતના ક્રમાનુસાર રાજીપાના વિચારનું સંકલન જોઈએ.

ભગવાન અને ગુણાતીત ગુરુનો રાજીપો મેળવવાના ઉપાયો

ગ.પ્ર. ૧૮: કુસંગના ત્યાગની અને ઇન્દ્રિયસંયમની આગ્રહપૂર્વક વાત કરીને શ્રીજીમહારાજ કહે છે: "આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું... ...પંચ ઇન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધપણે કરીને રાખજ્યો, એ વચન અમારું જરૂરાજરૂર માનજ્યો. ને આ વાત તો સર્વને સમજાય એવી સુગમ છે માટે સર્વના સમજ્યામાં તુરત આવી જાશે, તે સારુ સત્સંગમાં અતિશય પ્રવર્તાવજ્યો; તેમાં અમારો ઘણો રાજીપો છે."

ગ.પ્ર. ૨૧: "ભગવાનને પ્રસન્ન કરવાનો તો એ ઉપાય છે જે, પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશય દઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. ને એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ."

ગ.પ્ર. ૨૫: "ભગવાનની આજ્ઞા પાળે તો તેની ઉપર ભગવાન રાજી થાય છે."

ગ.પ્ર. ૩૩: "ભગવાનનો જે દઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે."

ગ.પ્ર. ૫૬: "જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેણે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહીં."

ગ.પ્ર. ૭૮: "પંચ વર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ આવવા દઈએ નહીં, તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે એમાં લેશમાત્ર સંશય નહીં."

ગ.મ. ૨૭: "જેને કલ્યાણને ઇચ્છવું તેને તો જેમ મોટાપુરુષ રાજી થાય તેમ કરવું. ને તે મોટાપુરુષ પણ ત્યારે રાજી થાય જ્યારે કોઈ પ્રકારે અંતરમાં મલિન વાસના ન રહે."

ગ.મ. ૫૬ : "માટે જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને રાજી કર્યા સારુ પંચવિષયનો અતિશય ત્યાગ કર્યો જોઈએ, પણ ભગવાનને વિષે જે પ્રીતિ તેમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહિ."

ગ.અં. ૨૮ : "ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચઢાવ્યો ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે, 'આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક.' એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવો જે નિષ્કામ ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે."

આમ, શ્રીહરિએ રાજીપો મેળવવા માટેનાં જે સાધનો નિરૂપ્યાં, તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, નિષ્કામીપણું, પંચવિષયનો ત્યાગ, પંચ વર્તમાન આશરો વગેરે બધાં જ સાધનો આવી જાય છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ઘણી વાર કહે છે કે "રાજીપો અને રાજીપાનો વિચાર બંને જુદી વસ્તુ છે. ઉપરોક્ત ઉપાયો કરવામાં આવે તો ભગવાનનો રાજીપો થાય છે, પરંતુ તે સાધનો ત્યારે જ શક્ય અને સાર્થક બને, જ્યારે અંતરમાં સતત રાજીપાનો વિચાર હોય. વળી, 'કોને રાજી કરવાના છે' એ વિચારમાં પ્રાપ્તિનો વિચાર પણ આવી જાય છે."

આમ, સ્વામીશ્રીએ જણાવ્યું તેમ, રાજીપાના વિચારમાં બધું જ આવી જાય છે. એટલે જ રાજીપાનું ફળ દર્શાવતાં શ્રીજીમહારાજ કહે છે...

ગ.પ્ર. ૫૬ : "એ પુરુષના હૃદયને વિષે પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે."

ગ.પ્ર.૧૯ : "શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે, 'માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત નથી પામતો."

ગ.મ.૧૧ : "જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઇચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે."

આમ, ભગવાનના રાજીપા સિવાય માયાનો પરાભવ શક્ય જ નથી. રાજીપાના વિચારથી કર્મમાત્ર ભક્તિરૂપ થઈ જાય છે. જેના પર રાજીપો થઈ

જાય તેના હૃદયમાં અખંડ ભગવાનનો નિવાસ રહે છે. આમ, ફળની સામે જોતાં પણ પ્રેરણા મળે છે કે રાજીપો જ લૂંટવા જેવો છે.

વળી, રાજીપાના વિચારની અનિવાર્યતા દર્શાવતાં શ્રીજીમહારાજ જણાવે છે: "ભગવાન સંબંધી ભક્તિ, ઉપાસના, સેવા, શ્રદ્ધા, ધર્મનિષ્ઠા એ આદિક જે જે કરવું તેમાં બીજા ફળની ઇચ્છા ન રાખવી,' એમ સચ્છાસ્ત્રમાં કહ્યું છે તે તો સાચું, પણ એટલી તો ઇચ્છા રાખવી જે, 'એણે કરીને મારી ઉપર ભગવાનની પ્રસન્નતા થાય,' એટલી ઇચ્છા રાખવી. અને એવી ઇચ્છા રાખ્યા વિના અમથું કરે તો તેને તમોગુણી કહેવાય." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૫)

માટે વચનામૃતમાંથી યુવાનોએ એટલું તો શીખી જ લેવું કે મારે ગમે તે ભોગ, ગમે તે સંજોગોમાં, મહંત સ્વામી મહારાજને અતિશય રાજી કરવા જ છે, કરવા જ છે, કરવા જ છે. આ વિચારનું મનન, નિદિધ્યાસન કરીને જો જીવનમાં ચરિતાર્થ કરવામાં આવે તો સાધનમાત્ર તેમાં આવી ગયા સમજો.

તો ચાલો યુવાનો, ગુરુહરિને રાજી કરવા માટે અક્ષરપુરુષોત્તમના યોદ્ધાઓ બનીને માયા સામે ઝઝૂમી લઈએ. આપણો છેલ્લો જન્મ કરવાની એમની તૈયારી તો છે જ, આપણે પણ તૈયારી કરી લઈએ. વચનામૃતને જીવનનું પથદર્શક બનાવી આ આખરી જંગ જીતી લઈએ.

અમારા અનુભવો

આ પુસ્તક લખતાં પહેલાં દેશ-પરદેશના લગભગ ૫,૦૦૦ યુવાનોનો સર્વે કરવામાં આવેલો. આ સર્વેમાં કેટલાક યુવાનોએ લેખિત રીતે, કેટલાકે ઇન્ટરવ્યૂ આપીને તો કેટલાકે ઓનલાઇન જવાબ આપીને ભાગ લીધો હતો. તેમાં એક પ્રશ્ન એવો હતો કે આપના જીવનમાં કોઈ મુશ્કેલી આવી હોય અને એવા સંજોગોમાં વચનામૃત તમને કોઈ રીતે ઉપયોગી થયું હોય તો તે વાત જણાવવા વિનંતી.

તેના જવાબમાં ઘણા યુવાનોએ પોતાની ભાવનાઓ આલેખી હતી. તેમાંથી કેટલીક અહીં યથાતથ પ્રસ્તુત છે.

પ્રશ્ન : આપના જીવનમાં કોઈ મુશ્કેલી આવી હોય અને એવા સંજોગોમાં વચનામૃત તમને કોઈ રીતે ઉપયોગી થયું હોય તો તે વાત જણાવવા વિનંતી.

- મેં UPSCની પરીક્ષા બે વાર આપી છે, પરંતુ સફળતા સુધી પહોંચી શક્યો નથી. આવા પ્રસંગે થોડી જ ક્ષણ માટે વિચાર આવી જાય કે કેમ આવું થાય છે ? પણ વચનામૃતમાંથી કર્તાહર્તાની સમજણની વાતો યાદ આવતાં ફરીથી તૈયારી કરવાનું બળ મળી રહે છે અને હૃદયમાં પણ શાંતિ રહે છે. હંમેશા આવા પ્રસંગે એક વાક્ય ઈદમ્ સાંભરી આવે – *'દાસના દુશ્મન હરિ કેદી હોય નહીં, જેમ કરશે તેમ સુખ જ થાશે.'*
- જ્યારે અભ્યાસ પછી નોકરી મળતી નહોતી ને નિરાશ હતો, ત્યારે માતાના કહેવાથી બળ પામવાનું વચનામૃત વાંચવાથી લાભ થયેલો અને હતાશા ને નિરાશા દૂર થઈ. તેમજ મુદ્દાનું વચનામૃતથી દૃઢ નિષ્ઠા થયેલ.
- વચનામૃતને લીધે જ મારો ગુસ્સો કંટ્રોલમાં આવ્યો છે.
- બધું નાશવંત છે - એ શબ્દોએ મને ઘણી વાર ચિંતામુક્ત કરી દીધો છે.
- એક વાર જ્યારે મારા દાદા પડી ગયા અને એમને ફ્રેક્ચર થયું, ત્યારે પગમાં પ્લેટ નાંખી હોવાથી ડૉક્ટરે ત્રણ મહિના બેડરેસ્ટ કરવાનું કહ્યું

હતું. તેમની બધી જ ક્રિયાઓ તેઓ પથારીમાં જ કરતા. એ બધી સેવા કોણ કરે ? કોઈ માણસ ન મળ્યો. મને કે બીજા કોઈને ફાવે તેમ નહોતું. તે વખતે વચનામૃતમાંથી શ્રીજીમહારાજનું વચન યાદ આવ્યું - મનુષ્ય દેહે કરીને ન થાય તેવું શું છે ? જે નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય. આ વચનથી મને થયું કે ભલે ન ફાવે, નિત્ય અભ્યાસ કરીશું તો ધીમે ધીમે શીખી જઈશું. પછી તો બાપાને યાદ કરી તેમની સાફ-સૂફી વગેરે બધી સેવા મેં ઉપાડી લીધી. અને થોડા સમયમાં મને ફાવી પણ ગયું. કોઈ જ તકલીફ ન પડી.

- વચનામૃતને લીધે હું સારા-નરસા બધા જ પ્રસંગોમાં ધીરજ રાખી શકું છું.
- પહેલા એવું લાગતું કે આટલો સમય તેમજ પૈસા સમૈયા-ઉત્સવ પાછળ શા માટે ખર્ચે છે ? પણ શ્રીજીમહારાજે ગ.પ્ર. ૩માં કીધું કે આ સમૈયા ઉત્સવની સ્મૃતિ જો અંતકાળે થઈ જાય તો કલ્યાણ થાય. તેનાથી મને સમાધાન મળી ગયું.
- કોઈની સાથે આંટી પડી જાય, ત્યારે પાડાખારનું વચનામૃત યાદ આવે છે ને અંતર્દૃષ્ટિ થાય છે.
- જીવનમાં ઘણી વાર મનગમતું નથી થતું અથવા ડિપ્રેશન આવે છે, ત્યારે વચનામૃતમાંથી શીખેલો કર્તાપણાનો વિચાર ખૂબ કામ લાગે છે. તેનાથી બળ મળે છે અને દુઃખ નથી લાગતું.
- વચનામૃત ગ્રંથથી મારા કુટુંબમાં શાંતિ થઈ છે. અશાંતિ મારા સ્વભાવને લઈને હતી. મારી પત્ની પર નાના-મોટા પ્રશ્નોને લઈને મને ખૂબ ગુસ્સો આવતો. હા, ઝઘડાનું સ્વરૂપ બહુ મોટું ન હોય. પણ તે મોટું ન થાય તેમાં વચનામૃતની ભૂમિકા મોટી છે. તેમાંથી મને – ગુસ્સો ન કરવો, બધાને નમતા રહેવું, દાસભાવ રાખવો... વગેરે વાતો હું શીખ્યો. તેથી જ ઘરમાં અત્યારે શાંતિ છે.
- નારદજી જેવી ઈર્ષ્યા કરવાની વાતથી હવે મને મારા સાથી વિદ્યાર્થીઓની ઈર્ષ્યા આવે તો હું તેની પાસેથી જ જે તે વિષય શીખી લઉં છું.
- રોજ નાના-મોટા પ્રશ્નો આવે જ છે ને વચનામૃતમાંથી મળેલી સમજણ સતત કામ લાગે છે. એટલે જ રોજ વાંચવાનું મન થાય છે.

- Sometimes I feel like I am losing my faith, my spirituality, my *jodān*. At that time the Vachanamrut helps me a lot. I can stay stable in odd situations because of the Vachanamrut. It helps me to make my roots of satsang stronger and deeper. I want to tell you a *prasang*.
  I was alone at home for a couple of months. My family was in Pune. I was feeling alone and sad. Then I opened the Vachanamrut app and started reading a chapter loudly, and all the sadness and loneliness disappeared. I felt that Shriji Maharaj and Mahant Swami Maharaj were seated beside me, listening to me and watching me. That experience was divine.
- Many times — when my mum died, when my family went through financial difficulties, when there were arguments between my dad and step mum — Gadhada I 61 and Gadhada I 74 helped me extensively. There are other Vachanamruts, but these two helped the most.
- Whenever I do Darshan of Maharaj in the mandir, I always remember the Sarangpur 2 Vachanamrut, which explains the method of doing darshan and hence I improved my method of doing darshan.
- In the Vachanamrut it is said, *"Vishay no sabandh thay to Muktanand Swami jeva pan utarta jeva thaine rahe ke na rahe."* This constantly rings in my ears when friends or colleages push me to do some 'not to do things' just for once.
- Yes. When I was ill, the Vachanamrut provided a lot of strength and motivation. Furthermore, whilst being away at university, the Vachanamrut helped align my *niyams* and increased my satsang understanding. Usually people grow away from satsang, but reading helped me grow closer to satsang, despite being far away from the Mandir.
- Vachanamrut Gadhada II 13 is most relevant for my life.

Many memories with this Vachanamrut.

Absoutley, life gets tough and I feel that I am not doing enough as a *satsangi*. However, Vachanamrut Gadhada I 33, one sadhana that encompasses all to please Maharaj and Swami is to have *dradh ashro*; that helps me get through the day.

- Quite often a Vachanamrut will have something relevant to something that happened that day.
- For a while I had found it difficult to do the *tapni mala*. However, after reading Vachanamrut Sarangpur 16 — 'Nar-Narayan's Austerities' – I got inspiration. If Maharaj does *tap* for his devotees out of compassion, why can't I do a few *tapni mala!*
- Yes, helped me a lot to control my anger and believe all happens due to the Lord's wish.
- Just today got news that our house which is in the process of being sold, suddenly fell apart. Gained inspiration from Kariyani 10 and Gadhada I 74. Instantly felt better. When I had *manushyabhav* in Swami I read the Vachanamrut and it greatly helped me. When a family member passes away, again, Vachanamrut reading helps me. I am certain it will help me with greater challenges in life too.
- Yes, many times. The most difficult period was when my wife had a miscarriage after becoming pregnant following ten years of marriage. The Vachanamrut was a source of our strength during this difficult period of our life.
- Yes, when I was unemployed for nearly one-and-a-half years.
- When I lost my job in Mumbai I was upset, but the next day when I read the Vachanamrut I found my answer — that Maharaj is the *karta harta* of our life, so he must have decided something else for me.
- This happens often — going through a difficulty and

Maharaj and Swami ensure that the Vachanamrut I have read that day answers that particular question or gives me motivation or *shanti.*

- Of course, when my father expired, I was totally shattered. Then my mom read a Vachanamrut which stated *'saga-sambandhi ma maya nahi rakhvani'*... and I was stable after that.
- Yes. Many times. When I've faced an obstacle, it's provided the solution. When I don't know what to think, it's given the correct thought process. When I've been doing something wrong, it's pointed out the flaw in me and helped me to introspect.
- Yes, when going through any tough time with work or family.
- Yes: conflict at work with colleagues. Read about ego and conflict with ourselves and colleagues. Changed my perspective at work.
- Yes — when faced with difficult situations at home, work, etc., upon opening the Vachanamrut, it's as though Maharaj is providing the guidance directly to overcome the obstacles.
- In pain and sorrow, financial, family or outside problems, the Vachanamrut gives me extra strength. *Praptino mahima* from the Vachanamrut also gives me energy to fight all difficulties.
- Yes. When we faced a few court proceedings. It helped me when I read the Vachanamrut and consolidated myself to get through the situation.
- During difficult times in my life, reading it daily gave me the strength and perspective. It made me realize what is important and what isn't.
- Yes, multiple times since I started to read it when I was in my teens. When I have had difficulties and needed

spiritual guidance I pray with the Vachanamrut in my hand and open a page randomly. Somewhere on the page or before or after it, there is an answer to my question.

- Whenever I am singing, whether in *sabha* or for a performance, I remember the Vachanamrut that states that singing without remembering God is like not singing at all. This Vachanamrut helps me to sing for the correct reason: to please Maharaj and Swami. It aligns me to their *marji* for those moments when I'm remembering *prasangs* of Pramukh Swami Maharaj or Mahant Swami Maharaj.
- Loya 13. There was a time when I felt like my problems were unfixable or unbearable. We had this Vachanamrut to read in *sabha* and it felt like Bapa himself was giving me a sense of affirmation. The affirmation not only helped my situation but also helped me to remember how Bapa doesn't put us through situations that we can't handle.
- I was so jealous of a friend who was able to manage so many things at once, but then after reading the Vachanamrut about 'Jealousy like Naradji', I understood that learning from that person is better for myself.